પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૭૫ • કુલ પાના : ૪ • તારીખ : ૧૯-૧૧-૨૦૨૨ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ત્રીજા 'નો મની ફોર ટેરર' મંત્રી સ્તરીય પરિષદમાં ભાગ લીધો

## આતંકવાદ ગરીબો અને સ્થાનિક અર્થવ્યવસ્થાને સૌથી વધુ અસર કરે છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



નવીદિલ્હી,

આતંકવાદ પર લગામ કસવા માટે 'નો મની ફોર ટેરર' સંમેલનમાં પીએમ મોદીએ કહ્યું કે આતંકનો એક હુમલો બધા પર હુમલો છે. જ્યાં સુધી આતંકવાદને જડમૂળમાંથી ઉખાડી ન ફેંકીએ ત્યાં સુધી અમે અટકીશું નહીં. આતંકવાદ એવો વિષય છે જે માનવતા પર અસર કરે છે...તે અર્થવ્યવસ્થા પર અસર કરે છે. પીએમ મોદીએ પાકિસ્તાનનું નામ લીધા વગર તેના પર પ્રહાર કર્યા.

તેમણે કહ્યું કે કેટલાક દેશ એવા પણ છે જે આતંકવાદને આર્થિક મદદ કરતા રહે છે. પીએમ મોદીએ આગળ કહ્યું કે, આ કોન્ફરન્સ ભારતમાં જ થઈ રહી છે તે મહત્વનું છે. વિશ્વ પહેલા ભારતે આતંકવાદની અસર ઝેલી, ભારતે દ્રઢતાથી આતંકવાદનો મુકાબલો કર્યો. તેમણે કહ્યું કે ટેરર ફાઈનાન્સિંગના મૂળ પર હુમલો કરવો જોઈએ. આતંકને લઈને અલગ અલગ ધારણા છે. આતંકવાદને એક જ ચશ્માથી જોવો જોઈએ અને દરેક આતંકી હુમલાનો તે જ દ્રઢતાથી મુકાબલો કરવો જોઈએ. સંમેલનમાં પીએમ મોદીએ કહ્યું કે આતંકની કોઈ સરહદ હોતી નથી. ફક્ત ઝીરો ટોલરન્સ અપ્રોચ તેનો મુકાબલો કરી શકે છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે આતંકવાદને તે જ સમયે ખતમ કરી શકાય છે પરંતુ ચોક્કસ રણનીતિ આતંકવાદના મૂળ સમાપ્ત કરે છે. તેના માટે એક્ટિવ રિસ્પોન્સની જરૂર છે. આપણે તેમનું ફંડિંગ રોકીને આતંકીઓની સપોર્ટ સિસ્ટમ ખતમ કરવી પડશે. કેટલાક દેશો નાણાકીય અને વૈચારિક મદદ કરી આતંકને સપોર્ટ કરે છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે તેને ગંભીરતાથી લેવું જોઈએ. પ્રોક્સી વોર પ્રત્યે કડક વલણ અપનાવવું જોઈએ અને વિશ્વએ આવા વલણ પ્રત્યે અલર્ટ થવું જોઈએ.

પીએમએ કહ્યું કે આતંકવાદને ખતમ કરવા માટે એક વ્યાપક, સક્રિય, વ્યવસ્થિત પ્રતિક્રિયાની જરૂર છે. જો આપણે ઈચ્છીએ કે આપણા નાગરિકો સુરક્ષિત રહે તો આપણે જ્યાં સુધી આતંકીઓ આપણા ઘરોમાં ન ઘૂસી જાય ત્યાં સુધી રાહ જોવી જોઈએ નહીં. આપણે આતંકીઓનો પીછો કરવો જોઈએ, તેના સમર્થન નેટવર્કને તોડવું જોઈએ અને તેમના ફાઈનાન્સની કમર તોડવી જોઈએ. પીએમ મોદીએ કહ્યું કે, સંગઠિત અપરાધ, ગેંગ જે સક્રિય છે તેનું વિદેશી કનેક્શન છે. તેમને મદદ આપવા પર લગામ કરવી જોઈએ. આ સાથે જ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ વિરુદ્ધ એક્શન થવું જોઈએ.

આ કોન્ફરન્સ 'કાઉન્ટર-ટેરરિઝમ ફાઈનાન્સિંગ' એટલે કે 'સ્ટૉપિંગ ટેરરિસ્ટ ફંડિંગ'ની થીમ પર આધારિત હતી. આ કાર્યક્રમમાં બોલતા પીએમ મોદીએ કહ્યું કે ભારતે આતંકની ભયાનકતાને દુનિયાએ ગંભીરતાથી લીધી તે પહેલા જ તેનો સામનો કર્યો છે. તેમણે કહ્યું, 'વિવિધ સ્વરૂપમાં આતંકવાદે દાયકાઓથી ભારતને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. જેના કારણે અમે હજારો કિંમતી જીવ ગુમાવ્યા. જો કે અમે હજુ પણ આતંકવાદનો બહાદુરીથી મુકાબલો કર્યો છે.પીએમે કહ્યું, આ એક અદ્ભુત વાત છે કે આ કોન્ફરન્સ ભારતમાં થઈ રહી છે. આપણા દેશે આતંકની ભયાનકતાનો સામનો વિશ્વની નોંધ લે તે પહેલા જ કર્યો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું, 'આતંકવાદ ગરીબો અને સ્થાનિક અર્થવ્યવસ્થાને સૌથી વધુ અસર કરે છે, પછી તે પર્યટન હોય કે વેપાર. કોઈને એવો વિસ્તાર પસંદ નથી કે જ્યાં સતત ભય રહે. જેના કારણે ત્યાંના લોકોની રોજીરોટી પણ પ્રભાવિત થઈ રહી છે. એટલા માટે જરૂરી છે કે આપણે આતંકવાદના મૂળ પર હુમલો કરીએ.તેમણે કહ્યું, "આતંકવાદને ખતમ કરવા માટે સક્રિય પ્રતિભાવની જરૂર છે. જો આપણે ઈચ્છીએ છીએ કે આપણા નાગરિકો સુરક્ષિત રહે, તો જ્યાં સુધી આતંક આપણા ઘરો સુધી ન પહોંચે ત્યાં સુધી આપણે રાહ જોઈ શકીએ નહીં. આપણે આતંકવાદીઓના ફંડિંગ પર ફટકો મારવો પડશે.પીએમે કોન્ફરન્સમાં કહ્યું, 'આતંકની કોઈ સીમા નથી હોતી, માત્ર ઝીરો ટોલરન્સ અભિગમ જ તેનો સામનો કરી શકે છે. આતંકવાદીઓને એક જ સમયે ખતમ કરી શકાય છે, પરંતુ નક્કર વ્યૂહરચના આતંકવાદના મૂળને નષ્ટ કરે છે. તે માટે સક્રિય પ્રતિભાવની જરૂર છે. આપણે આતંકવાદીઓની સહાય પ્રણાલીને નષ્ટ કરવી પડશે, તે પણ તેમના ફંડિંગને રોકીને.' તેમણે કહ્યું, 'કેટલાક દેશો આર્થિક અને વૈચારિક મદદ આપીને આતંકવાદને સમર્થન આપે છે અને આંતરરાષ્ટ્રીય સમુદાયે આનું ધ્યાન રાખવું જોઈએ. પ્રોક્સી વોર પ્રત્યે કડક વલણ અપનાવવું જોઈએ. દુનિયાએ આવા વલણથી સાવધ રહેવું જોઈએ.

પીએમ મોદીએ કહ્યું કે આતંકનો એક હુમલો બધા પર હુમલો છે. જ્યાં સુધી આપણે આતંકવાદને જડમૂળથી નાબૂદ કરીશું ત્યાં સુધી અમે અટકીશું નહીં. આતંકવાદ એક એવો ગંભીર મુદ્દો છે જે માનવતાને અસર કરે છે. તેની અર્થવ્યવસ્થા પર પણ ખરાબ અસર પડે છે. આપણે ટેરર ફાઈનાન્સિંગના મૂળ કારણ પર હુમલો કરવો જોઈએ. આતંક વિશે જુદી જુદી ધારણાઓ છે અને તેને એક જ પ્રિઝમ દ્વારા જોવી જોઈએ.

## પ્રથમ તબક્કામાં ફોર્મ પાછા ખેંચાયા બાદ કુલ ૭૮૮ ઉમેદવારો નોંધાયા, સુરતની ૧૬ બેઠકો માટે ૨૫૬ ઉમેદવારી

ગાંધીનગર,

રાજ્યમાં ચૂંટણીનું રણશિંગુ ફૂંકાઈ ગયું છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટડાઉન આગળ વધી રહ્યું છે અને દરેક ઉમેદવાર એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપ, કોંગ્રેસ અને આપે ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરવાની કામગીરી પૂર્ણ થઈ છે. પ્રથમ તબક્કામાં ફોર્મ પાછા ખેંચાયા બાદ કુલ ૭૮૮ ઉમેદવારો નોંધાયા છે. બીજા તબક્કામાં ૧૫૧૫ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. બીજા તબક્કામાં ફોર્મ પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૧ નવેમ્બર છે.

પ્રથમ તબક્કાની વાત કરીએ તો વિધાનસભાની ચૂંટણીને લઈ પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો માટે ૧ હજાર ૩૬૨ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. સૌથી વધુ ઉમેદવારી ફોર્મ સુરત જિલ્લામાં ભરાયા છે. સુરતની ૧૬ બેઠકો માટે ૨૫૬ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. જ્યારે રાજકોટ, જામનગર અને ભાવનગરમાં ૧૧૦થી વધુ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. જ્યારે ડાંગની ૧ બેઠક પર સૌથી ઓછા ૧૧ ફોર્મ ભરાયા છે. પ્રથમ તબક્કામાં ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી, ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રિવાબા જાડેજા સહિત અનેક નેતાઓએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા.

ગુજરાતમાં ભાજપના પ્રચાર માટે વડાપ્રધાન મોદીએ પુરતો સમય આપવાનો નિર્ણય લીધો છે. વડાપ્રધાન ગુજરાતમાં ૨૫ રેલી કરીને પ્રચાર કરવાના છે, તેમની રેલીઓ માટેના આયોજન થઈ ગયા છે. કાર્યક્રમ માટેની તૈયારીઓ પણ પૂરજોશમાં ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ગુજરાતમાં પ્રચારની કમાન સંભાળશે. તેઓ ફરી એકવાર ૧૯મી નવેમ્બરથી ગુજરાતના પ્રવાસે આવવાના છે અને ધૂંઆધાર પ્રચાર કરવાના છે. પીએમ મોદી દક્ષિણ ગુજરાતમાં વલસાડ અને વાપીમાં સભાને સંબોધશે. મળતી માહિતી અનુસાર વાપીમાં પીએમ મોદી ભવ્ય રોડ-શો યોજશે. એટલું જ નહિં વાપીમાં વિશાળ રોડ-શો યોજ્યા બાદ વલસાડમાં ભવ્ય સભામાં પણ સંબોધન કરશે. પીએમ મોદીના આ પ્રવાસને લઈ કાર્યકરોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે.

પહેલા તબક્કામાં ૮૯ બેઠક પર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જેમાં કચ્છ,સૌરાષ્ટ્રના મોરબી, પોરબંદર, રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ભરૂચ અને દેવભૂમિ દ્વારકા સહિત દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓનો સમાવેશ થાય છે. જ્યારે બીજા તબક્કામાં ૯૩ બેઠકો પર મતદાન કરવામાં આવશે. જેમાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના જિલ્લાઓનો સમાવેશ થાય છે.

## સાવરકર વિરુદ્ધ ટિપ્પણી કરવી રાહુલ ગાંધીને મોંઘી પડી, શિંદે કેમ્પની ફરિયાદ પર કેસ નોંધાયો



મુંબઈ,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સાવરકર વિરુદ્ધ ટિપ્પણી કરવી મુશ્કેલ થઈ ગઈ છે. વાસ્તવમાં, મહારાષ્ટ્રમાં શિંદે જૂથની વંદના સુહાસ ડોંગરેએ રાહુલ ગાંધી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જે બાદ પોલીસે આઈપીસીની કલમ ૫૦૦ અને ૫૦૧ હેઠળ નોન-કોગ્નિઝેબલ ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં, શિંદે જૂથે કહ્યું છે કે સ્વતંત્રતા સેનાનીની બદનક્ષી કરવામાં આવી છે અને સ્થાનિક લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી છે.

હકીકતમાં, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે વિનાયક દામોદર સાવરકરના અંગ્રેજોને મદદ કરવાના મુદ્દાને પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે કહ્યું કે વીર સાવરકરે અંગ્રેજોને મદદ કરી હતી. લોકો સાથે વાત કરતી વખતે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ એક પત્ર વાંચ્યો હતો. સાવરકરે અંગ્રેજોને પત્ર લખ્યો હોવાનો દાવો કર્યો હતો. રાહુલે એ પત્ર વાંચ્યો જેમાં સાવરકરે લખ્યું હતું કે સર, હું તમારા સૌથી આજ્ઞાકારી સેવક તરીકે રહેવા વિનંતી કરું છું. તે પત્ર પર પણ સહી હતી. સાવરકરે અંગ્રેજોને મદદ કરી. તેઓએ ડરથી પત્ર પર સહી કરીને મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ અને સરદાર પટેલ જેવા નેતાઓને દગો આપ્યો. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે દાવો કર્યો હતો કે સાવરકરે અંગ્રેજો પાસેથી પેન્શન લીધું, તેમના માટે કામ કર્યું અને કોંગ્રેસ વિરુદ્ધ કામ કર્યું.

અગાઉ મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને શિવસેનાના એક જૂથના વડા ઉદ્ધવ ઠાકરેએ કોંગ્રેસ નેતાની ટિપ્પણીથી પોતાને દૂર કર્યા હતા. ઉદ્ધવે કહ્યું કે તેમની પાર્ટી વીડી સાવરકર માટે ખૂબ જ આદર ધરાવે છે અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની સ્વતંત્રતા સેનાની પરની ટિપ્પણીને તેઓ માન્ય કરતા નથી. સ્વતંત્ર વીર સાવરકર માટે અમને ખૂબ જ આદર અને શ્રદ્ધા છે અને આ ભૂંસી શકાય તેમ નથી.

જુલાઈમાં, એક સરકારી ઠરાવ બહાર પાડવામાં આવ્યો હતો અને એમવીએ સરકાર દરમિયાન આદિત્ય ઠાકરેની આગેવાની હેઠળના પ્રવાસન અને સંસ્કૃતિ વિભાગ માટે તમામ એમવીએ પ્રોજેક્ટ્સ પર કામ અટકાવવામાં આવ્યું હતું. બાદમાં ૨ નવેમ્બરના રોજ સરકારી ઠરાવ દ્વારા વિભાગના કેટલાક પ્રોજેક્ટને આગળ વધવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ હવે ૧૭ નવેમ્બરે નવો ઠરાવ બહાર પાડવામાં આવ્યો હતો.

## ભાજપમાંથી બળવો કરી અપક્ષ ઉમેદવારી કરનારા ભાજપના નેતાઓને સી.આર. પાટીલે કડક સંદેશ આપ્યો



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ટિકિટ ન મળતા ભાજપના અનેક નેતાઓએ બળવો કરી અપક્ષ ઉમેદવારી કરી છે. ત્યારે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ આ બાગી નેતાઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પાર્ટીમાંથી બળવો કરી અપક્ષ ઉમેદવારી કરનારા નેતાઓ ઉમેદવારીપત્ર પરત નહીં ખેંચે તો તેમને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવશે. પાર્ટી તેમની સામે દંડાત્મક પગલા લેશે. સી.આર. પાટીલે જણાવ્યુ છે કે શિસ્તમાં નહીં રહે તો તેમની સામે કાર્યવાહી થશે. તેમણે જણાવ્યુ હતુ કે પાર્ટીની ગાઈડલાઈન છે કે ઉમેદવારી પત્ર પરત ખેંચવાની છેલ્લી તારીખ સુધી જો તેઓ ફોર્મ પરત નથી લેતા તો એ જ દિવસે સાંજે તેમને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી નાખવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે વડોદરાના ઝઘડિયાથી ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને ચૂંટણીમાં ભાજપમાંથી ટિકિટ ન મળતા તેમણે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. આ તરફ વડોદરાની પાદરા વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય દિનેશ પટેલે પણ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે ધાનેરા વિધાનસભા બેઠકના ભાજપના પૂર્વ ધારાસભ્ય માવજી દેસાઈએ પણ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. ભાજપમાંથી બાગી બનેલા આ નેતાઓને આડકતરી રીતે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે જણાવી દીધુ છે કે પાર્ટી તેમની સામે પગલા લેશે. આપને જણાવી દઈએ કે પાદરાના પૂર્વ ધારાસભ્ય દિનેશ પટેલ ગત ટર્મમાં કોંગ્રેસના ધારાસભ્ય સામે હારી ગયા હતા. જ્યારે ધાનેરાના પૂર્વ ધારાસભ્ય માવજી પટેલ પણ ગત ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર સામે હારી ગયા હતા.

## સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ : હવેથી રોજની ૧૩ બેંચ ૧૦ ટ્રાન્સફર અને ૧૦ જામીન અરજીઓ પર સુનાવણી કરશે



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ પેન્ડિંગ કેસોના વહેલા નિકાલ માટે ખૂબ જ ગંભીર છે. હવે સુપ્રીમ કોર્ટ પેન્ડિંગ કેસ ટ્રાન્સફર અરજીઓ અને જામીન અરજીઓના વહેલા નિકાલ અંગે દૈનિક સુનાવણી હાથ ધરશે. સુપ્રીમ કોર્ટની દરેક બેંચ હવે દરરોજ ૧૦ ટ્રાન્સફર પિટિશન અને ૧૦ જામીન અરજી પર કાર્યવાહી કરશે. સુપ્રીમ કોર્ટમાં મળેલી ફુલ કોર્ટ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સીજેઆઈ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કોર્ટમાં કહ્યું કે તમામ જજોની બેઠકમાં સર્વસંમતિથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે શિયાળાની રજાઓ પહેલા તમામ ૧૩ બેન્ચ દરરોજ ૧૦ ટ્રાન્સફર પિટિશન અને ૧૦ જામીન અરજીઓ પર સુનાવણી કરશે. સીજેઆઈ ચંદ્રચુડે કહ્યું કે ન્યાયાધીશોની વિનંતી છે કે પૂરક કેસ રાત્રે ઉમેરવામાં ન આવે. ન્યાયાધીશોએ કહ્યું કે તેઓ મધરાત ૧૨ સુધી કેસની ફાઈલો વાંચે છે અને પછી સવારે તેમને ખબર પડે છે કે દસ નવા કેસ ઉમેરાયા છે. તેમણે કહ્યું કે અમે હવે આ બોજ ઘટાડવા માંગીએ છીએ. તમને જણાવી દઈએ કે માર્ચમાં કેન્દ્ર સરકારે લોકસભામાં માહિતી આપી હતી કે દેશની વિવિધ અદાલતોમાં ૪.૭૦ કરોડથી વધુ કેસ પેન્ડિંગ છે. ૭૦ થી વધુ વધુ કેસો સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે અને ૫૮ લાખથી વધુ કેસો દેશની ૨૫ હાઈકોર્ટમાં કેસ પેન્ડિંગ હતા.

## ગેંગસ્ટર છોટા રાજનને નિર્દોષ જાહેર કરાયો



મુંબઈ,

વર્ષ ૨૦૦૯ ડબલ મર્ડર કેસમાં મુંબઈની સ્પેશ્યલ સીબીઆઈ કોર્ટે ગેંગસ્ટર છોટા રાજન અને અન્ય ત્રણ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. સ્પેશયલ જજ એ.એમ પાટીલે પૂરાવવાના અભાવે આરોપીઓને શંકાનો લાભ આપી આ કેસમાંથી મુક્ત કર્યા છે.

જજે ચૂકાદો આપતી સમયે નોંધ્યું હતું કે આ મર્ડર કેસના ષડયંત્રમાં છોટા રાજન સંકળાયેલો છે, એ પૂરવાર થઈ શક્યું નથી. આ કેસમાં કોર્ટે અન્ય આરોપીઓ - મોહમંદ અલી શેખ, ઉમેદ શેખ અને પ્રણયા રાણેને પણ નિર્દોષ જાહેર કર્યા છે.

દક્ષિણ મુંબઈના નાગપાડા વિસ્તારમાં આવેલી ફુટપાટ પર બે અજાણીયા શખ્સોએ શાહિદ ગુલામ હુસેન ઉર્ફે છોટે મીયાંની હત્યા કરી હતી. આ ઘટના સ્થળ પરથી ભાગતી વખતે હુમલાખોરે અન્ય ત્રણ લોકો પર પણ ગોળીબાર કર્યું હતું. આ પછી છોટે મીયાં અને સૈયદ અર્શદ નામના વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

આ કેસની તપાસ દરમિયાન પોલીસે રાણેની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં તેણે અન્ય આરોપીની ભૂમિકા વિશે પોલીસને જણાવ્યું હતું. છોટા રાજન સામે ઘણી અન્ય ટ્રાયલ ચાલી રહી હોવાથી તે જેલમાંથી મુક્ત થશે નહિ. આ સિવાય પત્રકાર જે-ડેની હત્યાના કેસમાં રાજનને દોષિત જાહેર કરવામાં આવ્યો છે. ઈન્ડોનેશિયાની રાજધાની બાલીમાંથી ડિપોર્ટ કરાયા બાદ હાલ છોટા રાજન દિલ્હીની તિહાડ જેલમાં બંધ છે.

## શ્રીલંકન નેવીએ ૧૪ ભારતીય માછીમારોની ધરપકડ કરી

નવીદિલ્હી,

શ્રીલંકાના નૌકાદળે દરિયાઈ સરહદના કથિત ઉલ્લંઘન બદલ ભારતના ૧૪ માછીમારોની ધરપકડ કરી છે. તેઓ આઈએમબીએલ નજીક નેદુનથીવુ ખાતે માછીમારી કરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. આ તમામ માછીમારો ૧૬ નવેમ્બરની સવારે દરિયામાં માછીમારી માટે ગયા હતા ૧૪ માછીમારોની ધરપકડ કરી લીધી હતી તેમ તમિલનાડુ કોસ્ટલ પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું.

આ માછીમારો વહેલી સવારે કોટ્ટુચેરીમેડુના આર. સેલ્વમણીની બોટમાં સવાર થઈને સમુદ્રમાં ગયા હતા. માછીમારો નેદુનથીવુ ખાતે IMBL પાસે માછીમારી કરી રહ્યા હતા ત્યારે તેમને શ્રીલંકાના નૌકાદળે પકડી લીધા હતા. શ્રીલંકન મરીન દ્વારા ભારતીય માછીમારો પર હુમલો કરવામાં આવતા એક માછીમારની આંખમાં ઈજા થઈ હતી. ઉલ્લેખનીય છે કે તમિલનાડુના કેટલાય ભારતીય માછીમારોની ધરપકડ કરવામાં આવી હતી અને શ્રીલંકાના નૌકાદળ દ્વારા તેમની મોંઘી યાંત્રિક બોટ જપ્ત કરવામાં આવી હતી. શ્રીલંકાના નૌકાદળ દ્વારા સ્થાનિક શ્રીલંકાના અખબારોમાં જાહેરાતો મૂકવામાં આવી હતી જેમાં ભારતીય માછીમારો પાસેથી જપ્ત કરાયેલ યાંત્રિક બોટના વેચાણની જાહેરાત કરવામાં આવી હતી. જણાવી દઈએ કે ૨૫ માર્ચ, ૨૦૨૨ના રોજ વિદેશ રાજ્યમંત્રી વી મુરલીધરને બંદી બનાવાયેલા ભારતીય માછીમારોને લઈને લોકસભામાં ઉઠાવવામાં આવેલા સવાલનો જવાબ આપ્યો હતો.

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ચૌહાણ જસવંતભાઇ બાબુભાઇ

તરફથી અભીનંદન....

મુ. ભુરાવાવ,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં


છતાણી કનુભાઇ ડી.

તરફથી અભીનંદન....

મુ. પાવરહાઉસ,
તા. ગોધરા,
જી. પંચમહાલ

### અવકાશ ક્ષેત્રે ભારતે ઈતિહાસ સર્જયો

## દેશનું પ્રથમ ખાનગી રીતે વિકસિત રોકેટ વિક્રમ-એસ લોન્ચ કરવામાં આવ્યું




શ્રીહરિકોટા,

૨૦૨૦માં કેન્દ્ર સરકારે સ્પેસ ઉદ્યોગને ખાનગી ક્ષેત્ર માટે ખોલ્યા બાદ 'સ્કાયરૂટ એરોસ્પેસ' ભારતીય અવકાશ કાર્યક્રમમાં પગ મૂકનાર ભારતની પ્રથમ ખાનગી ક્ષેત્રની કંપની બની છે. 'વિક્રમ-એસ' રોકેટને આજે સવારે ૧૧.૩૦ વાગ્યે લોન્ચ કરાયું છે. અગાઉ તેને ૧૫ નવેમ્બરે લોન્ચ કરવાની યોજના હતી. સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ થયા બાદ 'વિક્રમ-એસ' ૮૧ કિલોમીટરની ઉંચાઈએ પહોંચશે. આ રોકેટનું નામ ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા સ્વર્ગસ્થ વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈના નામ પરથી રાખવામાં આવ્યું છે.

'પ્રારંભ' નામનું મિશન બે સ્થાનિક અને એક વિદેશી ગ્રાહકના ત્રણ પેલોડ વહન કરશે. વિક્રમ-એસ સબ-ઓર્બિટલ ફ્લાઈટ ચેન્નાઈના સ્ટાર્ટઅપ સ્પેસ કિડ્ઝ, આંધ્ર પ્રદેશના સ્ટાર્ટઅપ એન-સ્પેસ ટેક અને આર્મેનિયન સ્ટાર્ટઅપ બાઝુમક્યુ સ્પેસ રિસર્ચ લેબના ત્રણ પેલોડ વહન કરશે. સ્કાયરૂટના અધિકારીએ જણાવ્યું હતું કે ૬-મીટર-ઊંચુ રોકેટ વિશ્વના પ્રથમ એવા કેટલાક રોકેટ પૈકીનું એક છે જેમાં રોટેશનલ સ્ટેબિલિટી માટે ૩-ડ્ઢ પ્રિન્ટેડ સોલિડ પ્રોપેલન્ટ્સ છે.

ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટરના ચેરમેન પવન ગોએન્કાએ જણાવ્યું હતું કે, "ભારતમાં ખાનગી ક્ષેત્ર માટે આ એક મોટી છલાંગ છે. રોકેટના પ્રક્ષેપણ માટે અધિકૃત પ્રથમ ભારતીય કંપની બનવા બદલ સ્કાયરૂટને અભિનંદન." કેન્દ્રીય કર્મચારી રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે ભારત શ્રીહરિકોટાથી 'સ્કાયરૂટ એરોસ્પેસ' દ્વારા વિકસિત પ્રથમ ખાનગી રોકેટ લોન્ચ કરીને ઈતિહાસ રચવા માટે તૈયાર છે. ઈસરોની માર્ગદર્શિકા હેઠળ તેઓ જઈ રહ્યા છે.

તેમણે કહ્યું કે સ્પેસ સેક્ટરમાં સુધારાએ સ્ટાર્ટ-અપ્સ માટે નવીન સંભાવનાઓ ખોલી છે અને ટૂંકા ગાળામાં લગભગ ૧૦૨ સ્ટાર્ટ-અપ્સ સ્પેસ ડેબ્રિસ મેનેજમેન્ટ, નેનો-સેટેલાઈટ, લોન્ચ વ્હીકલ અને સંશોધન વગેરે ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે. મંત્રીના નિવેદન પર પ્રતિક્રિયા આપતા, **Skyroot Aerospace** એ સોશિયલ મીડિયા પર કહ્યું, "અમને અમારા મિશન પર ગર્વ છે જે ભારતીય ખાનગી ક્ષેત્ર માટે ઈતિહાસ રચવા જઈ રહ્યું છે અને અમારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપનાને સાકાર કરશે."

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર મોટી સરસણ ગામે ઘર આંગણે ઉભરતા ગંદા પાણીથી લોકો પરેશાન



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના મોટી સરસણ ગામના રહીશોને ઘર આંગણે ઉભરાતું ગંદુ પાણી, કાદવ-કિચડ સંતરામપુર તાલુકાના મોટી સરસણ વણકરવાસ ફળિયામાં ગંદા પાણીનો નિકાલ ના થતા અને ગ્રામજનોના ઘરની આંગણે જ કાદવ-કિચડના કારણે ઘરની બહાર પસાર થવા માટે પણ ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે. સરપંચ, તલાટી, તાલુકા વિકાસ અધિકારી, ઉચ્ચ કક્ષાએ આ વિસ્તારનાં રહીશોએ વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ આવેલ નથી. આ વિસ્તારમાં આશરે ૩૦૦ થી ૪૦૦ જેટલા માણસો અહીંયા રહે છે. કાયમ માટે દરેક વ્યક્તિને આવા કાદવ-કીચડમાં જ પગ મૂકીને પસાર થવું પડતું હોય છે, આના કારણે રોગચાળાનો ભયભીતી સિવાય રહેલી છે. આ વખતે પોતાના વિસ્તારમાં આનું નિરાકરણ નહીં આવે તો વિધાનસભાની ચૂંટણીમાં મતદાન નહીં કરવાનો અને બહિષ્કાર કરવાનો મતદારોનો નિર્ણય કરેલો છે.

# મહીસાગર જિલ્લાની વૃંદાવન હાઈસ્કૂલ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ભાવિન પંડ્યાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ જિલ્લાની વિવિધ શાળા કોલેજોમાં મતદાર જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

જે અંતર્ગત વૃંદાવન હાઈસ્કૂલ, સરાડીયા ખાતે મતદાર જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને સો ટકા મતદાન કરવા માટે સંકલ્પ પત્ર દ્વારા શપથ લેવડાવવામાં આવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને મતની કિંમત સમજાવી લોકોમાં વધુમાં વધુ મતદાન થાય એ માટે જાગૃતતા ફેલાવવા અપીલ કરાઈ હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


# આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર ખાતે મતદાન જાગૃતિ ઉભી કરવા સિગ્નેચર કેમ્પનું આયોજન કરાયું



સંતરામપુર,

NSS યુનિટ દ્વારા વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ને દયાનમાં રાખીને મતદાન જાગૃતિ ઉભી કરવા સિગ્નેચર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે આચાર્ય અભય પરમાર, NSS ઓફીસર પ્રો.એ.જી.ઠાકોર, NSS વોલન્ટિયર્સ, વિદ્યાર્થીઓ તેમજ કોલેજ સ્ટાફના સભ્યોએ સહીઓ કરી હતી. કોલેજના યુવાનો મતદાન કરવા અંગે જાગૃત થાય તેમજ સમાજમાં પણ મતદાન અંગે જાગૃતિ ફેલાવે, લોકો નિર્ભય બની મતદાન કરે અને લોકશાહીને વધુ મજબૂત બનાવે એ આ સિગ્નેચર કેમ્પેઈનનો ઉદ્દેશ્ય હતો. કાર્યક્રમનું સમગ્ર આયોજન NSS પોગ્રામ ઓફિસર પ્રો. અમૃત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું.

# દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના રૂપાખેડામાં ત્રણ બંધ મકાનોને નિશાન બનાવી તાળા તોડી રૂા.૩,૦૦,૦૦૦ ઉપરાંતની ચોરી કરી જતા તસ્કરો



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચોર લોકો રાત્રિ સમયે બંધ મકાનોને નિશાન બનાવી રહ્યા છે. જેમાં ગતરોજ રાત્રિના ફતેપુરા તાલુકાના સુખસર પાસે આવેલ રૂપાખેડા ગામે ત્રણ બંધ મકાનોને ચોર લોકોએ નિશાન બનાવી દરવાજાના નકુચા કાપી એક મકાન માંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂા.૨૫,૦૦૦/- ની ચોરી કરી પલાયન થઈ ગયા હોવા બાબતે મકાન માલિક દ્વારા સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જ્યારે રૂપાખેડા ગામમાં જ અન્ય બે મકાનોમાં ચોર લોકોએ ચોરી કરવાનો પ્રયાસ કરતા પાડોશીઓ જાગી જતા ચોર લોકો મોટર સાયકલો ઉપર ભાગી છૂટ્યા હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના રૂપાખેડા ગામના તત્કાલીન સરપંચ તેરસિંગભાઈ કડકીયાભાઈ કિશોરી રૂપાખેડા ગામે તેમજ બલૈયા ક્રોસિંગ ઉપર પોતાના રહેણાંક મકાનો ધરાવે છે. જેમાં રૂપાખેડા વાળા મકાને દિવસના અવર-જવર કરે છે. તેવી જ રીતે ગુરૂવારના રોજ તેરસિંગભાઈ કિશોરી રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં રૂપાખેડાવાળા મકાનને તાળા મારી બલૈયા ક્રોસિંગ વાળા મકાન ઉપર ઊંઘવા માટે જતા રહ્યા હતા. ત્યારબાદ રાત્રિના કોઈપણ સમયે કોઈ જાણભેદુ તસ્કરોએ આ મકાનના દરવાજાના નકુચા કાપી મકાનમાં પ્રવેશ્યા હતા.

ત્યારબાદ આજરોજ સવારના રૂપાખેડા ગામના પાડોશી ડામોર સાગરભાઈએ સાડા આઠેક વાગ્યાના અરસામાં તેરસિંગભાઈ કિશોરીને બલૈયા ક્રોસિંગ ઘરે જઈ જણાવેલ કે, તમારા મકાનના દરવાજા ખુલ્લા છે અને ત્યાં કોઈ હાજર જોવા મળતું નથી નું જણાવતા તેરસિંગભાઈએ રૂપાખેડા વાળા મકાને જઈ તપાસ કરતા દરવાજાના નકુચા કાપેલા તેમ જ ઘરમાં જોતા તિજોરીની તોડફોડ કરી કપડા વગેરે વેરવિખેર જોવા મળેલ. તેમાં તિજોરીમાં રાખેલ સોનાની બે નંગ વીટી, ચાંદીની ચુડી નંગ એક, ચાંદીના છડા નંગ ચાર, સોનાનું લોકીટ નંગ એક, સોનાનો દોરો નંગ એક તથા રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૦૦,૦૦૦/- ઉપરાંતની ચોરી થઈ હોવા બાબતે ચોરીનો ભોગ બનેલા તેરસિંગભાઈ કડકીયાભાઈ કિશોરીએ સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હોવાનું જાણવા મળે છે.

જ્યારે રૂપાખેડા ગામના સબુરભાઈ મોતીભાઈ ધામોત તથા શંકરભાઈ મોતીભાઈ ધામોત નાઓ મજૂરી કામે બહારગામ ગયેલ છે. ત્યારે તેઓના મકાનોને પણ ચોર લોકોએ નિશાન બનાવ્યું હતું અને મકાનમાં કોઈ પ્રવેશ્યું હોવાનું જણાતા પાડોશી દિનેશભાઈ ધામોત નાઓ જાગી જતા અને આસપાસમાં મોબાઈલથી જાણ કરી દેતા સમય પારખી ચોર લોકો ત્યાંથી પલાઈન થઈ જતા કોઈ ચોરી થવા પામી નહીં હોવાનું પણ જાણવા મળે છે.

# લીમખેડાના બાર ગામે રસ્તાની સાઈડમાં મહિલા સહિત બે વ્યકિતને બાઈક સવારે અડફેટમાં લેતાં મહિલાનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના બાર ગામે એક મોટરસાઈકલના ચાલકે રસ્તાની સાઈડમાં ઉભેલા એક મહિલા સહિત બે વ્યકિતઓને અડફેટમાં લેતાં બંન્નેને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવતાં જ્યાં સારવાર દરમ્યાન મહિલાનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૨૩મી ઓક્ટોમ્બરના રોજ બાર ગામેથી એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતાં તે સમયે રસ્તાની સાઈડમાં ઉભેલ શારદાબેન મોહનભાઈ બારીયા (રહે. બાર, વચલુ ફળિયું, તા. લીમખેડા, જિ.દાહોદ) અને તેમની સાથે અરવિંદભાઈ મગનભાઈ ચૌહાણ (રહે. ટીંબા) નાને અડફેટમાં લેતાં બંન્ને વ્યકિતઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં બંન્નેને નજીકના દવાખાને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવતાં જ્યાં સારવાર દરમ્યાન શારદાબેનનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે બાર ગામે વચલું ફળિયામાં રહેતાં જશવંતભાઈ મોહનભાઈ બારીયાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મધુ શ્રીવાસ્ત્વની મુશ્કેલીઓ વધી, આચાર સંહિતા ભંગની કાર્યવાહી થઈ શકે છે

વડોદરા,

વાઘોડિયાના અપક્ષના ઉમેદવાર અને દબંગ ધારાસભ્યની છાપ ધરાવતા મધુ શ્રીવાસ્તવ આજે ફરીથી વિવાદમાં આવ્યા છે. મધુ શ્રીવાસ્તવે અપક્ષ તરીકે અને ભાજપના નામે ઉમેદવારી ફોર્મ ભર્યુ છે. વાઘોડિયા બેઠક પરથી મધુ શ્રીવાસ્તવે ઉમેદવારી કરી પરંતુ મેન્ડેટ ન મળ્યું હતુ તે છતાં તેમણે ભાજપના ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું છે. ત્યારે આજે ફોર્મ ચકાસણીમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. આ સાથે વાઘોડિયાના અપક્ષના ઉમેદવાર અને દબંગ ધારાસભ્યની છાપ ધરાવતા મધુ શ્રીવાસ્તવએ ભડકાઉ નિવેદન આપ્યું હતું. તેમણે ગઈકાલે ઉમેદવારી ફોર્મ ભરતા પહેલા મારા કાર્યકરનો કોઈ કોલર પકડશે તો ઘરમાં જઈ ગોળી મારી દઈશ તેવું નિવેદન આપ્યુ હતું. જેને કારણે, મધુ શ્રીવાસ્તવના ધમકીભર્યા નિવેદનને લઈને ચૂંટણી પંચ એક્શનમાં આવ્યું છે. આ મામલે ચૂંટણી પંચે વાઘોડિયા ચૂંટણી અધિકારી પાસે અહેવાલ મંગાવ્યો છે. આદર્શ આચાર સંહિતાનો ભંગ થયો છે કે કેમ તેનો અહેવાલ આપવા આદેશ કરવામાં આવ્યો છે. આથી અહેવાલ બાદ મધુ શ્રીવાસ્તવ સામે આચાર સંહિતા ભંગ અંગેની કાર્યવાહી થઈ શકે છે.

નોંધનીય છે કે, મધુ શ્રીવાસ્તવે વિવાદાસ્પદ નિવેદન આપતા ચૂંટણી પંચ એકશન લઈ શકે છે. તેમણે ગઈકાલે કાર્યકર્તાઓ સામે જણાવ્યુ હતુ કે, મારા કાર્યકરનો કોઈ કોલર પકડશે તો ઘરમાં જઈ ગોળી મારી દઈશ. આ સાથે તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, હું જ્યારે મેદાનમાં નીકળ્યો હોય ને ત્યારે તમારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. કદાચ કોઈ તમને ધમકી આપશે. પણ તમે ડરતા નહીં. વાઘોડિયા અને વાઘોડિયા તાલુકામાં જે ગેરકાયદે મકાનો છે એને હું કાયદેસર કરી આપીશ, એ મારું વચન છે.

તેમના આ ભાષણને કારણે, વિરોધના સૂર ઉઠ્યા હતા. બીજી બાજુ, મધુ શ્રીવાસ્તવના ધમકીભર્યા નિવેદનને લઈને ચૂંટણી પંચ એક્શનમાં આવ્યું છે. આ મામલે ચૂંટણી પંચે વાઘોડિયા ચૂંટણી અધિકારી પાસે અહેવાલ મંગાવ્યો હતો. આદર્શ આચાર સંહિતાનો ભંગ થયો છે કે કેમ, તેનો અહેવાલ આપવા આદેશ કરવામાં આવ્યો છે. આથી અહેવાલ બાદ મધુ શ્રીવાસ્તવ સામે આચાર સંહિતા ભંગ અંગેની કાર્યવાહી થઈ શકે છે.ચુંટણી પંચે વડોદરા કલેકટર પાસે જવાબ માંગ્યો છે.

જો કે મધુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે મેં કોઈ પાર્ટીનું નામ લીધું ન હતું અને જો મને નોટીસ આપવામાં આવશે તો હું તેનો જવાબ આપીશ.

# સંજેલી નગરમાં નલ સે જલ યોજના માટે માર્ગો ખોદી નાંખતા લોકો પરેશાન

સંજેલી,

સંજેલી નગરમાં નલ સે જલ યોજનાની કામગીરી એક વર્ષ પહેલા ચાલુ કરવામાં આવી હતી. સમગ્ર ગુજરાત રાજયમાં રાજય સરકાર દ્વારા લોકોને ઘરે ઘરે પાણી પહોંચાડવાનો સંકલ્પ લીધો હતો. ત્યારે સંજેલી નગરમાં પણ આ યોજના અંતર્ગત લોકોને ઘરે ઘરે પાણી પહોંચાડવા માટેની નલ સે જલ યોજના ચાલુ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત નગરમાં કોન્ટ્રાકટર દ્વારા જયાં મન ફાવે ત્યાં રસ્તાની વચ્ચો વચ્ચ ખાડા ખોદી નાંખવામાં આવ્યા હતા. અને પાઈપલાઈન નાંખવામાં આવી હતી. થોડો સમય કામગીરી ચાલી પણ રસ્તાની વચ્ચે પાઈપો દબાવીને કોન્ટ્રાકટર પચાસ ટકા જેટલી રકમ લઈને જતો રહ્યો હતો. હાલમાં નળ કનેકશનોની પાઈપો રસ્તામાં ચાલતા વાહનોની નીચે દબાઈને તુટી જવા પામી છે. જેથી સ્થાનિકોને ભારે નુકસાન થયેલ છે. સંજેલી પંચાયત દ્વારા પહેલા પાણી આપવામાં આવતુ હતુ. તે પણ અમુક વિસ્તારોમાં પાઈપલાઈનો કાપી નંખાતા પાણી આવવાનુ બંધ થઈ ગયુ છે. સ્થાનિકોએ ટેન્કરો દ્વારા વેચાતુ પાણી લેવાનો વારો આવ્યો છે. સરકાર આ યોજના સંજેલી નગર માટે ખોરંભે ચઢી હોય તેમ જણાય રહ્યુ છે. નગરજનોની માંગ છે કે, સરકારી અધિકારીઓ દ્વારા અધુરૂ કામ મુકીને ચાલી ગયેલા કોન્ટ્રાકટર પર કડક પગલા ભરવામાં આવે અને નલ સે જલ યોજનાની અધુરી કામગીરી સત્વરે પુર્ણ કરવામાં આવે તે જનતા ઈચ્છી રહી છે.

# ગાંધીનગરમાં બસે પાછળથી ટક્કર મારતાં સ્કૂલવાન પલટી, ૧૦ જેટલા બાળકો ઈજાગ્રસ્ત

ગાંધીનગર,

ગાંધીનગરમાં બસની ટક્કરથી સ્કૂલવાન પલટી જતાં ૧૦ જેટલા બાળકોને ઈજા પહોંચી છે. ઘટનામાં સેક્ટર ૨૧ પોલીસે બસચાલક સામે ગુનો નોંધીને ધરપકડ કરી છે. ઘટના ચ-૬ સર્કલ પાસેની છે. જ્યાંથી પસાર થઈ રહેલી સ્કૂલવાનને ડાબી બાજુથી આવી રહેલા બસચાલકે ટક્કર મારતા વાન પલટી ગઈ હતી. ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે પૂર ઝડપે જઈ રહેલા બસચાલકે માતેલા સાંઢની જેમ સ્કૂલવાનને અડફેટે લીધી હતી. બાળકોની ચિચિયારીઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. અકસ્માત થતા જ રાહદારીઓ દોડી આવ્યા હતા અને બાળકોને ઈજાગ્રસ્ત હાલતમાં બહાર કાઢ્યાં હતાં. ઈજાગ્રસ્ત બાળકોને ગાંધીનગર સિવિલ લઈ જવાતાં તેમના વાલીઓ પણ સિવિલ દોડી આવ્યા છે. હાલમાં તમામ ઈજાગ્રસ્ત બાળકોની સારવાર ચાલી રહી છે. તમામ બાળકો સેક્ટર-૨૩ની કેન્દ્રીય વિદ્યાલયના છે.

માહિતી મુજબ વાનમાં ૧૨ બાળકો હતા. જેમાંથી ૧૦ બાળકોને સામાન્ય ઈજા પહોંચી હતી. જ્યારે ૨ બાળકોને ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે અમદાવાદ લઈ જવામાં આવ્યા છે. અન્ય બાળકોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા છે. અકસ્માત થયાની જાણ થતા જ બાળકોના માતા-પિતાના જીવ તાળવે ચોંટી ગયા હતા. તો બીજી તરફ ઘટનાની જાણ થતાં ભાજપના ઉમેદવાર રીટા પટેલ પણ ઈજાગ્રસ્ત બાળકોની મુલાકાતે પહોંચ્યા હતા, ત્યાં તેમણે ઈજાગ્રસ્ત બાળકોના ખબર-અંતર પૂછ્યા હતા.સેક્ટર ૨૧ પોલીસે ગુનો નોંધીને બસચાલકની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ લાભદાયી રહેશે. વેપારમાં જોખમ લેવાનું પરિણામ આજે લાભદાયી રહેશે. ધીરજ અને તમારા નરમ વર્તનથી સમસ્યાઓ સુધારી શકાય છે. તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને, તમે તે બધું મેળવી શકો છો.

વૃષભ : આજના ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને તમને સંપૂર્ણ લાભ થવાની અપેક્ષા છે. લાંબા સમયથી અટકેલી ડીલને સાંજ સુધીમાં અંતિમ સ્વરૂપ આપી શકાય છે.

મિથુન : આજનો દિવસ તમારા માટે સામાન્ય દિવસ છે અને તમે સરળતાથી રૂટિન પૂર્ણ કરવાનું ચાલુ રાખશો. સામાન્ય રીતે કરવામાં આવેલા કોઈપણ કાર્યમાં તમને સફળતા મળશે. આજે રોજિંદા ઘરનાં કામો પતાવવાની સુવર્ણ તક છે.

કર્ક : આજનો દિવસ તમારા માટે કંઈક નવું લાવવાનો છે. તમારું ધ્યાન નવી યોજનાઓ પર રહેશે. તમે કોઈ દેવ સ્થાનની મુલાકાતે જવાનું મન બનાવી શકો છો.

સિંહ : આજનો દિવસ સાવચેત અને સાવધાન રહેવાનો છે. વેપારની બાબતમાં તમે થોડું જોખમ લઈ શકો છો, સફળતાની અપેક્ષા છે. રોજિંદા કામ ઉપરાંત, તમે કેટલાક નવા કામમાં હાથ અજમાવી શકો છો.

કન્યા : તમારી રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ જ રચનાત્મક છે અને આજે તમને કંઈક નવું કરવાની તક પણ મળશે. તમને કોઈ પણ સર્જનાત્મક અને કલા સંબંધિત કાર્ય પૂર્ણ કરવાનું મન થશે.

તુલા : આજનો દિવસ તમારા માટે ખૂબ જ સારો છે. દિવસભર લાભની તકો રહેશે. તેથી સક્રિય બનો અને સારી તકોનો લાભ લો. પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

વૃશ્ચિક : તમારી રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ જ સકારાત્મક રહી શકે છે. તમે જે પણ કામ સમર્પણ સાથે કરશો, આજે તમને તેમાં પૂર્ણ સફળતા મળશે અને અધૂરા કામનું સમાધાન થશે.

ધનુ : આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવચેત રહેવાનો છે. સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી રાખો નહીં તો હવામાન તમને પરેશાન કરી શકે છે. ખાવામાં બેદરકાર ના બનો. વેપારની દ્રષ્ટિએ દિવસ સુખદ રહેશે.

મકર : આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત રહેશે, પરંતુ તમે આધ્યાત્મિક બાબતો અને અભ્યાસ માટે થોડો સમય આપી શકશો. કાર્યક્ષેત્રમાં વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં અવરોધ લાવવાનો પ્રયત્ન કરશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે થોડો સંયમ અને પોતાના પર નિયંત્રણ રાખવાનો દિવસ હોઈ શકે છે. તમારા વ્યવહારમાં સંયમ અને સાવધાની રાખો. તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષ ના થાય તેનું ધ્યાન રાખો.

મીન : આજનો દિવસ તમારા માટે લાભદાયી છે. કાર્ય-વર્તન સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટમાં તમને સફળતા મળશે અને અટકેલા કામ ફરી શરૂ થઈ શકે છે.

## આજે રાષ્ટ્રીયકૃત બેંકોની હડતાલ

# કર્મચારીઓ પાંચ મહિનાથી સતત સંઘર્ષ કરી રહ્યાં છે છતાં સમાધાન કરવામાં આવતું નથી




નવીદિલ્હી,

આવતીકાલે બેંકોની રાષ્ટ્રિય સ્તરે હડતાળ છે અને અબજો પિયાના વ્યવહારને અસર થશે. આ હડતાળમાં ગુજરાતના ૧૫ હજાર તેમજ સૌરાષ્ટ્રના ૫૫૦૦ કર્મચારીઓ જોડાશે. ગુજરાત બેંક વર્કસ યુનિયનના મહામંત્રી કે.પી.અંતાણીના જણાવ્યા અનુસાર લાંબા સમયથી બેંકના પ્રશ્ર્નો સરકાર પાસે પેન્ડીંગ છે અને તેનો ઉકેલ લાવવા માટે આ હડતાળ પાડવામાં આવશે. હાલમાં જાહેરક્ષેત્રની બેંકોમાં દ્વિપક્ષીય સમાધાન અને ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટનો ખુલ્લેઆમ તિરસ્કાર કરવામાં આવે છે.

બેંકોમાં અનફેર લેબર પ્રેકટીસમાં સતત વધારો અને ઔદ્યોગીક સબંધ ક્ષુલક થઈ ગયા છે. બાર બેંકોમાં ઔદ્યોગગિક સબંધમાં વિક્ષેપ લાવી, મેનેજમેન્ટ તરફથી બળતામાં ઘી હોમી કર્મચારીઓ પર ગેરકાયદેસર નિતીઓ ઠોકી બેસાડવામાં આવે છે. ઈરાદો કર્મચારીઓની ખાનગીકરણ સામેની લડાઈને જુદા રસ્તે ફંટાવવા કર્મચારીઓને બદલી અને પોસ્ટીંગ જેવા ક્ષુલક પ્રશ્ર્ને લડવા મજબુર કરવામાં આવે છે. બેંકોમાં સામુહિક સોદાબાજી અને દ્વિપક્ષીય વાટાઘાટને બદલે એક પક્ષીય પ્રથા શ થઈ છે. મજુર સંગઠન સાથે સલાહ મશવરા કરવાને બદલે ઘર્ષણનો રાહ અપ્રાવવામાં આવે છે.

નાની એવી સોનાલી બેંક, ફેડરલ બેંક જેવી નાની બેંકે કર્મચારીઓને નજીવા ગુના સબબ નોકરીમાંથી ખસદ આપવામાં આવી છે. અમેરીકાની સીટીબેંકે પોતાના રીટેઈલ બિઝનેસ વહેંચી અને કર્મચારીઓની છટણી કરેલ છે. બેંક ઓફ ટોકયોએ ૨૫ વર્ષથી કાર્યરત કર્મચારીઓને રી-ઓર્ગેનાઈઝેશનના નામે છુટ્ટા કરેલ છે. સંગઠનની રજૂઆત હતી કે તેમને ચેન્નાઈથી દિલ્હીબદલી કરવાની રજૂઆતને પણ નકારી અને કર્મચારીઓ રસ્તા પર છે.

સેન્ટ્રલ બેંકમાં ૪૩૨૫ કર્મચારીઓની એક શહેરમાંથી બીજા શહેરમાં દ્વિપક્ષીય કરારનું તેમજ બેંકના કર્મચારી સાથેના સમાધાનનું છડે ચોક ઉલ્લંઘન કરી બદલીઓ કરેલ છે. કેન્દ્ર સરકારના મજુર અધિકારીઓની સમક્ષ થયેલ સમાધાનનું પાલન કરેલ નથી. કેરાલાના ઉચ્ચ ન્યાયાલયનો હકમ પણ માન્ય રાખેલ નથી અને એવો પણ ફતવો બહાર પાડેલ કે સરકારી મજુર અને કેરાલાની ઉચ્ચ ન્યાયાલયના હકમને પણ માન્ય ન રાખવો આમ આ બેંકમાં આજે જંગલરાજ ચાલે છે.

બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા, કેનેરા બેંકમાં સફાઈનું કામ કરાર મારફત કરાવવાનું બેંકે નકકી કરેલ છે. આ પટાવાળાની કક્ષા જ નાબૂદ કરવા માગે છે. આ બેંકમાં કેશ રેમીટન્સ એટલે કે મોટી સંખ્યામાં કેશ એક શાખામાંથી બીજી શાખામાં પહોંચાડવાની હોય છે તે કામ પણ કરારી કર્મચારીઓ મારફત કરાવવાનો જોખમી નિર્ણય પણ લેવામાં આવેલ છે. દ્વિપક્ષીય કરારની શરતોનો બેંકો મારફત છડે ચોક ભંગ થાય છે. મજુર કાયદાઓની સતત અવગણના થાય છે. કરારી કર્મચારીઓ પાસે બેંકનું જોખમી અને જવાબદારીવાળું કામ કરારી કર્મચારીઓ દ્વારા કરાવવામાં આવી રહ્યું છે. બેંકોમાં પટાવાળાની કેડર નાબૂદ કરવામાં આવી રહી છે. આમ નોકરીની તકો ઘટશે.

કર્મચારીઓએ છેલ્લા પાંચ મહિનાથી સતત સંઘર્ષ કરેલ છે. હડતાળ પણ પાડેલ છે પરંતુ બેંકો દ્વારા કોઈ સમાધાનની કોઈ નકકર ભૂમિકા નકકી કરવામાં આવતી ન હોય કર્મચારીઓ પાસે હડતાળ સિવાય કોઈ વિકલ્પ નથી.તા.૧૯ના રોજ ઓલ ઈન્ડિયા બેંક એમ્પલોઈઝ એસોસિએશનના આદેશ અનુસાર સંપૂર્ણ હડતાળ પાડવામાં આવશે. તા.૧૮ના રોજ યુનાઈટેડ ફોરમ દ્વારા હડતાળના સમર્થનમાં દેખાવો યોજવામાં આવશે.ગુજરાતમાં ચૂંટણીને કારણે ૧૪૪મી કલમ હોય કર્મચારીઓ પોતાની બેંક પાસે શાંતિથી ઉભા રહી માગણીઓના પ્લેકાર્ડ રાખી વિરોધ પ્રદર્શીત કરશે. ગુજરાતના ૧૫૦૦૦ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના ૫૫૦૦ કર્મચારીઓ હડતાળ ઉપર જશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# વિધાનસભા બેઠકો પર ફોર્મ ચકાસણી પ્રક્રિયા પૂર્ણ, દાહોદ વિધાનસભા બેઠક પર ૬૫ માંથી ૪૫ ફોર્મ માન્ય

- છ વિધાનસભા બેઠકો પર માન્ય ફોર્મમાં રાજકીય પક્ષો તેમજ અપક્ષ ઉમેદવારોનો સમાવેશ.
- ચૂંટણી પંચની વેબસાઈટ પર એક પાર્ટીના બે ઉમેદવારો માન્ય : છબરડો કે માનવ ભૂલ..??

દાહોદ, ગુજરાત વિધાનસભાની ચૂંટણી અંતર્ગત દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ કુલ છ વિધાનસભા બેઠકો પર બીજા તબક્કામાં મતદાન યોજાવાનું છે. ત્યારે ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ આજે ફોર્મ ચકાસણીનો છેલ્લો દિવસ હતો. જેમાં ફોર્મ ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જિલ્લાની છ વિધાનસભા બેઠકો પર હવે ૪૫ ઉમેદવારોના ફોર્મ સ્વીકારવામાં આવ્યા છે. જેમાં રાજકીય પક્ષો તેમજ અપક્ષના દાવેદારોનો સમાવેશ થાય છે. હાલ ફોર્મ ખેંચવાની અંતિમ તારીખને બે દિવસ બાકી છે. ત્યારે આગામી બે દિવસ બાદ વિધાનસભા બેઠકો પર ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે.

દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ ૬ વિધાનસભા બેઠકો પર ચૂંટણી પંચ દ્વારા ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખ હતી. જે બાદ ચકાસણીના અંતે મેન્ડેટ વગરના તેમજ ડમી ફોર્મ રદ્દ થતા ફતેપુરા બેઠક પર ૧૦ માંથી ૮, ઝાલોદમાં ૧૧ માંથી ૮, લીમખેડામાંથી ૯ માંથી ૭, દાહોદ બેઠક પર ૯ માંથી ૭, ગરબાડા બેઠક પર ૧૭ માંથી ૯, તેમજ દેં.બારીયા બેઠક પર ૮ માંથી ૬ ફોર્મ માન્ય થતા હવે ૪૫ ઉમેદવારોના ફોર્મ માન્ય ગણવામાં આવ્યા છે. જેમા રાજકીય પક્ષો તેમજ અપક્ષના ઉમેદવારનો સમાવેશ થયો છે. જોકે, હાલ ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખમાં બે દિવસ બાકી હોય આગામી બે દિવસ બાદ ફોર્મ ખેંચવાની અવધી પૂર્ણ થયા બાદ જ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ વિધાનસભા બેઠક પર કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય વજેસિંહ પણદાએ કોંગ્રેસમાંથી ફોર્મ ભર્યું હતું પરંતુ મેન્ડેડ હર્ષદ નિનામાનું આવતા તેઓનો ફોર્મ ઓટોમેટીક રદ થઈ ગયો હતો. સાથે સાથે દાહોદ બેઠક પર આમ આદમી પાર્ટી દ્વારા ડો. દિનેશ મુનિયા તેમજ મેડા રમેશભાઈ છગનભાઈએ આમ આદમી પાર્ટીમાંથી દાવેદારી નોંધાવી હતી. જેમાં દિનેશ મુનિયાનું મેન્ટ આવતા તેમનો ફોર્મ સ્વીકારાયો છે. તો બીજી તરફ રમેશભાઈ છગનભાઈ મેડાએ ૧૦ ટેકેદારો સાથે ફોર્મ ભરતા તેમનું ફોર્મ અપક્ષ તરીકે માન્ય રખાયું છે. પરંતુ ચૂંટણી પંચની વેબસાઈટ પર ડો.દિનેશ મુનિયા તેમજ અપક્ષ ઉમેદવાર રમેશ છગનભાઈ મેડાનું આમ આદમી પાર્ટી તરીકે ઉમેદવાર પ્રસ્થાપિત થયા છે, તેમ દેખાઈ રહ્યું છે. એટલે જે રીતે સુરત અને વડોદરામાં આમ આદમી પાર્ટીના ફોર્મ ખેંચવા તેમજ નામોને લઈને વિવાદ થયો. તેમ દાહોદ બેઠક પર એક જ પાર્ટીના સિમ્બોલ પર બે ઉમેદવારો ચૂંટણીપંચની વેબસાઈટ પર દેખાઈ રહ્યા છે. જે ખરેખર મેનપાવરની ભૂલ છે અથવા ચૂંટણી પંચનો છબરડો છે. કારણ જે પણ હોય પણ દાહોદ બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે બે નામો દેખાતા આમ આદમી પાર્ટીના ઓફિસિયલ ઉમેદવાર કોને ગણવા તેને લઈને અનેક ચર્ચાઓ શરૂ થઈ છે. સાથે સાથે મતદારો પણ વીમાસણમાં મુકાયા છે.

# દાહોદ જીલ્લાની વિધાનસભાની ચુંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી તો પણ હજુ ચુંટણીનો માહોલ જામતો દેખાતો નથી

દે.બારીયા, દાહોદ જીલ્લાની તમામ ૭ સીટો ઉપર ગઈ વખતની ચુંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો હતો. પરંતુ તે વખતના સમીકરણોને હાલના સમીકરણોમાં જમીન આસમાનનો ફરક છે. ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં આ વખતે ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો જંગ જોવા જઈ રહ્યો છે. એવામાં આ વખતે ૧૩૪ ઉપર પેરાશુટથી વિજય પાર્ટીનું ઉત્તરાયણ થયું છે. આ પાર્ટી વોટ કરવા વિજય પાર્ટી સાબિત થાય તે કહેવું યોગ્ય ગણાશે અને આ વિજય પાર્ટીની જમાનત જપ્ત થાય તો નવાઈ નહિ તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

હાલમાં ગુજરાતમાં મોંઘવારી, બેરોજગારી, કાયદો વ્યવસ્થા સાથે, દારૂબંધી, ખેડુતોના પ્રશ્નો, પેપર લીક તથા મોંઘુ શિક્ષણ, શિક્ષણ માફિયાઓએ કરી દીધું છે. કે.જી.ના પાંચ હજાર સુધી લેવાતા હોય છે. તેવું વાલીઓમાં ગણગણાટ છે. આવી ઘણીબધી સમસ્યાઓના કારણે સાથે એન્ટી ઈન્કમકસીનો માહોલ ગ્રામ્યમાં છે. દે.બારીયામાં ભાજપમાંના સંગઠનોમાં બે જુથમાં વહેંચાયેલા છે. આ ખરેખર હોય તો ભાજપ સામે દાહોદ જીલ્લા ગઈ ચુંટણી માફક તમામ બેઠકો સાથે ચુંટણી જીતવીએ પડકાર સમાન છે. આ વખતે વિપક્ષના અંદરો અંદરના ડખા નડવાના નથી. પરંતુ બમણાં ઝૂસ્સા સાથે આપ પાર્ટીએ એન્ટ્રી મારી છે. તે પણ પહેલીવાર જેથી દાહોદ જીલ્લા સહિત આખા ગુજરાતમાં ત્રિપાંખીયા જંગ ખેલનાર છે તે નિશ્ચીત છે. હજુ સુધી મતદારોમાં કોઈ ચુંટણીના મુદ્દા સ્પર્સયા નથી. તેવું લાગી રહ્યું છે. આપ પાર્ટી અને કોંગ્રેસ પક્ષ પેન્શન, રોજગારી માટે સ્ટાઈપેન્ડ તથા રૂ.૫૦૦/-માં ગેસનો બોટલ આપવાની ઘોષણાઓ કરીને મતદારોને રીઝવવાના પ્રયાસ કર્યા છે. ખાસ કરીને આમ આદમી પાર્ટીનો દિલ્હી અને પંજાબનો માસ્ટર સ્ટ્રોક ગણાતો જીરો પેમેન્ટ વિજળી બીલની ઘોષણાથી ખાસ્સા મતદારોનું મુમેન્ટ થઈ શકે છે. તેની શકયતા છે અને તેની અસર પણ જોવા મળે તો નવાઈ નહિ.

હાલમાં માત્ર સોશ્યલ મિડીયા પર જ જોરશોરથી પ્રચાર જામ્યો છે. તે અસરકારક થાય છે કે નહિ તે તો આવનારો સમય કહેશે. હાલ માત્ર રાજકીય પક્ષોના મતદારો ફોગટના તમાસા અને તાયફા નિહાળી રહ્યા છે. એન્ટી ઈન્કમસીના માહોલ વચ્ચે મતદારો અદલ મૌન ધારણ કરીને બેઠા છે. જેથી રાજકીય પક્ષો અને ખાસ કરીને ઉમેદવારોના કપાળે ચિંતાની લકીરો સાથે ચિંતાતુર દેખાઈ રહ્યા છે.

# દાહોદ જિલ્લાના વિવિધ વિધાનસભા મતદાર વિભાગો માટે ઓબ્ઝર્વરઓની નિમણુંક કરાઈ

દાહોદ, ભારતના ચૂંટણી પંચ દ્વારા દાહોદ જિલ્લાના વિવિધ વિધાનસભા મતદાર વિભાગો માટે જનરલ ઓબ્ઝર્વર, ચૂંટણી ખર્ચના ઓબ્ઝર્વર અને પોલીસ ઓબ્ઝર્વર તથા આવકવેરા અધિકારીની નિમણુંક કરવામાં આવી છે. હાલની ચૂંટણી માટે તેઓના મોબાઈલ નંબર સહિતની માહિતી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, દાહોદે એક યાદીમાં જણાવી છે.

વિધાનસભા બેઠક ૧૨૯ અને ૧૩૦ માટે જનરલ ઓબ્ઝર્વસ રીષિરેન્દ્ર કુમાર દાહોદના વિશ્રામગૃહ ખાતે રૂમ નં. ૨૦૧ માં રોકાયા છે. તેમનો ટેલીફોન નં.૦૨૬૭૩-૨૪૯૨૭૨, મોબાઈલ નં. ૭૯૮૪૩૭૨૨૦૨ તેમજ ઇ મેઈલ આઇ ડી obgr129130gmail.com, વિધાનસભા બેઠક ૧૩૧ તેમજ ૧૩૨ માટે જનરલ ઓબ્ઝર્વસ સચીન્દ્ર પ્રતાપસિંહ દાહોદનાં વિશ્રામગૃહ ખાતે રૂમ નં. ૨૦૮ ખાતે રોકાયા છે. તેમનો ફોન નં.૦૨૬૭૩-૨૪૯૨૭૧, મોબાઈલ નં.૬૩૫૫૩૬૦૨૮૬ અને ઇ મેઈલ એડ્રેસ obgr131132gmail.com ઉપર તેમનો સંપર્ક કરી શકાશે. વિધાનસભા બેઠક ૧૩૩ અને ૧૩૪ માટે જનરલ ઓબ્ઝર્વસ સુનીલ શર્મા વિશ્રામગૃહના રૂમ નં. ૧૦૧ માં રોકાયા છે. તેમનો ફોન નં. ૦૨૬૭૩-૨૪૯૨૭૩ અને મોબાઈલ નં. ૯૩૨૮૨૫૬૩૯૦ ઉપર સંપર્ક કરી શકાશે.

જિલ્લામાં એક્સપેન્ડીંચર ઓબ્ઝવર્સ તરીકે મૃત્યુજંય સૈની વિધાનસભા બેઠક ૧૨૯, ૧૩૦, ૧૩૧ અને ૧૩૨ ઉપર નિમવામાં આવ્યા છે. તેઓ દાહોદનાં વિશ્રામગૃહ ખાતે રૂમ નં. ૨૦૫ ખાતે રોકાયા છે. તેમનો ટેલીફોન નં. ૦૨૬૭૩-૨૪૯૨૭૪ અને મોબાઈલ નં. ૮૮૪૯૩૯૮૩૮૫ તેમજ ઇ મેઈલ એડ્રેસ expobs129to132gmail.com ઉપર સંપર્ક કરી શકાશે. લવીશ શૈલીની એક્સપેન્ડીચર ઓબ્ઝર્વસ તરીકે ૧૩૩ અને ૧૩૪ વિધાનસભા બેઠક ખાતે નિમણુંક કરાઈ છે. તેઓ વિશ્રામ ગૃહ ખાતે રૂમ નં. ૨૦૬ માં રોકાયા છે. તેમનો ટેલીફોન નં. ૦૨૬૭૩-૨૪૯૨૭૫ અને મોબાઈલ નં. ૮૭૯૯૦૨૪૭૮૫ છે તેમજ ઇ મેઈલ એડ્રેસ expobs133to134gmail.com ઉપર સંપર્ક કરી શકાશે.

તદ્દઉપરાંત જિલ્લામાં પોલીસ ઓબ્ઝવર્સ તરીકે સતીષ કુમારની તમામ વિધાનસભા બેઠકો ખાતે નિમણુંક કરાઈ છે. તેઓ દાહોદનાં વિશ્રામગૃહના અનાશ (ઓલ્ડ બિલ્ડીંગ) ખાતે રોકાયા છે. તેઓનો ફોન નં. ૦૨૬૭૩-૨૪૯૨૭૬ અને મોબાઈલ નં. ૮૮૪૯૩૯૭૨૬૫ છે. તેમજ ઈમેઈલ polobsgrgmail.com ઉપર તેમનો સંપર્ક કરી શકાશે. તમામ વિધાનસભા બેઠક માટે ૦૨૬૭૩-૨૪૯૨૭૭ ફેક્સ નંબર ઉપર ફેક્સ કરી શકાશે. તેમજ ઈન્કમ ટેક્સ ઓફિસર ઓન ઈલેકશન ડ્યુટી તરીકે નવીન કિશોર સિન્હા, ડેપ્યુટી કમિશનર ઈન્કમ ટેક્ષ નો ૯૪૦૮૭૯૧૩૨૪ ઉપર સંપર્ક કરી શકાશે.

# દાહોદ જિલ્લામાં ઓબ્ઝવર્સઓની ઉપસ્થિતિમાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાવા જઇ રહી છે. ત્યારે દાહોદ જિલ્લામાં ઓબ્ઝવર્સઓની ઉપસ્થિતિમાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવીએ જિલ્લામાં ચૂંટણીની તૈયારીઓ વિશે ઓબ્ઝવર્સઓને વિગતવાર માહિતી આપી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ જિલ્લામાં ચૂંટણી સંદર્ભે સઘન સુરક્ષા વ્યવસ્થા વિશે માહિતી આપી હતી.

જિલ્લા સેવા સદન ખાતે ગત રોજ યોજાયેલી બેઠકમાં જનરલ ઓબ્ઝવર્સ રીષિરેન્દ્ર કુમાર, સચીન્દ્ર પ્રતાપસિંહ, સુનીલ શર્મા તેમજ એક્સપેન્ડીચર ઓબ્ઝવર્સ મૃત્યુજંય સૈની, લવીશ શૈલી અને પોલીસ ઓબ્ઝવર્સ સતીષ કુમાર ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

જિલ્લામાં સંવેદનશીલ બુથ મથકો, ઓછું મતદાન થતું હોય તેવા વિસ્તારો, રોજગારી માટે સ્થળાંતર કરનારા લોકો માટે વિશેષ વ્યવસ્થા કરવા તેમણે સૂચન કર્યું હતું. જિલ્લા ચૂંટણી અધિકારી ડો.હર્ષિત ગોસાવીએ જિલ્લામાં વધુમાં વધુ મતદારો લોકશાહીના મહાપર્વમાં ભાગ લે તે માટે કરવામાં આવેલી વ્યવસ્થાઓ વિશે વિગતે માહિતી આપી હતી. જિલ્લાના સંવેદનશીલ વિસ્તારો ખાતેની સુરક્ષા વ્યવસ્થા, પોલીસ દ્વારા ફૂટ માર્ચ, સઘન ચેકીગ તેમજ મતદાન મથકોના લાઇવ વેબકાસ્ટીંગ સહિતની માહિતી જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ આપી હતી.

આ વેળાએ જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વી.આઇ. પ્રજાપતિ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# સંજેલી બનેસ્વર ધનેશ્વર ધામમાં સ્વર્ણ શિખર પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાશે

સંજેલી, સંજેલી તાલુકાના વાંસીયા ખાતે વસવાડી ધામ હરીમંદિરમાં રાજસ્થાન બનેસ્વર ધામના પીઠાધીસ્વર ૧૦૦૮ શ્રી અચ્યુતાનંદજી મહારાજના હસ્તે ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. તેમાં મહારાજના શુભ હસ્તે યજ્ઞ પણ કરવામાં આવ્યો હતો. ડુંગરા તેમજ વાંસીયાના ભકતોએ ચાંદીનો મુકટ, રોકડ રકમ ભેટ કરી હતી. ગુરૂજીનુ આગમન વધામણા આરતી પુજા મહાપ્રસાદનુ આયોજન છગનભાઈ મહારાજ, કિશોરભાઈ વસૈયા, ભરતભાઈ વસૈયા, વિરસિંહભાઈ બામણીયા, ગમનભાઈ, દિનેશભાઈ, રામુભાઈ ડી.રાઠોડ, પ્રેમજીભાઈ તેમજ ગામ આગેવાનો, ભકતો દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. બેનેસ્વર ધામમાં તા.૨૭મી નવેમ્બરથી તા.૨ ડિસેમ્બર સુધીના શ્રી હરિમંદિર સ્વર્ણ શિખર પ્રતિષ્ઠાના ભવ્ય કાર્યક્રમમાં દર્શનનો લાભ લેવા ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશન ભકતો ઉમટી પડશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, માન્ય રાષ્ટ્રપતિ શ્રીમતિ મુર્મુ તેમજ રાજસ્થનના મુખ્યમંત્રી મહાનુભાવો હાજરી આપશે.

# ફતેપુરા તાલુકાના સુખસર પોલીસ સ્ટેશન ખાતે સુખસરના મૃતક યુવાનના પરિવારજનો અચોક્કસ મુદત માટે ઉપવાસ આંદોલન ઉપર ઉતર્યા


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

- સંગાડા પરિવારના યુવાનની હત્યાના સાત દિવસ થવા છતાં આરોપીઓ નહીં ઝડપાતા મૃતક યુવાનના પરિવારજનોએ ઉપવાસ આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું.
- આરોપીઓને ઝડપવા બે દિવસનો સમય આપો : પોલીસ, આરોપીઓને તાત્કાલિક ઝડપો તો જ આંદોલન સમેટીશું : મૃતક યુવાનના પરિવારજનોની હઠ.

ફતેપુરા, ફતેપુરા તાલુકાના સુખસરના બે યુવાનોને બલૈયા ખાતે મારામારી કરતા એક ગંભીર ઈજાગ્રસ્ત યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજવા પામ્યુ હતું. જે બાબતની ફતેપુરા પોલીસ સ્ટેશનમાં કાયદેસર એફ.આઈ.આર. દાખલ થયાને સાત દિવસનો સમય વીતવા છતાં આરોપીઓને નહીં ઝડપતા કલેક્ટર દાહોદ, પોલીસ અધિક્ષક દાહોદ, ફતેપુરા પી.એસ.આઇ સહિત સુખસર પી.એસ.આઈને લેખિત રજૂઆત બાદ આજરોજ મૃતક યુવાનના મોટી સંખ્યામાં પરિવારજનો સુખસર પોલીસ સ્ટેશન પટાંગણમાં ઉપવાસ આંદોલન ઉપર ઉતર્યા હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલ વિગતો મુજબ ૧૦ નવેમ્બર-૨૦૨૨ના રોજ સુખસરના બે યુવાનો ફતેપુરા થી પરત સુખસર આવી રહ્યા હતા. તેવા સમયે બલૈયામા આ યુવાનોને આંતરી બાર જેટલા હુમલાખોરોએ મારામારી કરી જીવલેણ ઈજાઓ પહોંચાડતા સુખસર સંગાડા ફળિયા ખાતે રહેતા ટીનાભાઈ રામાભાઈ સંગાડાનું સારવાર દરમિયાન મોતની નિપજ્યું હતું. જેની ૧૧ નવેમ્બર-૨૦૨૨ ના રોજ ફતેપુરા પોલીસ સ્ટેશન દ્વારા ૧૨ જેટલા આરોપીઓની વિરૂદ્ધમાં હત્યા તથા મારામારીનો ગુનો નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ કહેવાતા હુમલાખોરો ફરાર થઈ જવા પામ્યા હતા. જેના સાત દિવસ વિતવા છતાં પોલીસ દ્વારા આરોપીઓ નહીં ઝડપાતા મૃતક યુવાનની માતાએ સ્થાનિકથી લઈ જીલ્લાકક્ષા સુધીના લાગતા-વળગતા તંત્રોને જાણ કર્યા બાદ આજ રોજ સુખસર પોલીસ સ્ટેશન પટાગણમાં ઉપવાસ આંદોલન ઉપર ઉતર્યા હોવાનું જાણવા મળે છે.

જોકે, ઉપવાસ આંદોલન ઉપર ઉતરેલા મૃતકના પરિવારજનોને પોલીસ દ્વારા બે દિવસનો સમય આપવા માંગ કરવામાં આવી રહી છે. જ્યારે મૃતક યુવાનના પરિવારજનો તાત્કાલિક આરોપીનો ઝડપો પછી જ અમો અમારૂં આંદોલન હટાવીશુંની હઠ લઈને બેઠા હોવાનું જાણવા મળે છે. જ્યારે મૃતકના પરિવારજનોને પોલીસ દ્વારા સમજાવવાના તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પરંતુ પરિવારજનો પોલીસની વાત માનવા તૈયાર નથી અને તાત્કાલિક આરોપીઓને ઝડપોનું જણાવી રહ્યા છે. હાલ મૃતક યુવાનના પરિવારજનો સુખસર પોલીસ સ્ટેશન સામે બેસી ગયા છે.અને આરોપીઓને ઝડપ્યા વિના કોઈ વાત સાંભળવા તૈયાર નથી. આ લખાય છે ત્યાં સુધી પરિવારજનો આંદોલન સમેટવા તૈયાર નથી.

# દાઉદી વ્હોરા સમાજના ૫૩માં ધર્મગુરૂ સૈયદના બુરહાનઉદ્દીનની અને સૈયદના મુફદ્દલ સેફુદ્દીન ની ૭૯મી મિલાદની ઉજવણી વ્હોરા સમાજે ભવ્ય જુલુસ કાઢી ઉજવી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાઉદી વ્હોરા સમાજના ૫૩મા દાઈ સૈયદના મોલા બુરહાનઉદ્દીનની મિલાદના અવસર ઉપર આજે સૈયદના મુફદ્દલની ૭૯મી મિલાદ રંગે ચંગે દાઉદી વ્હોરા સમાજના લોકોએ ઉજવી હતી. જેમાં દાહોદના ઠક્કર ફળીયા સ્થિત આવેલી વ્હોરા સમાજની મસ્જિદ ખાતેથી તારીખ ૧૬-૧૧-૨૦૨૨ને સવારના સાત વાગ્યાના સમયગાળા દરમિયાન ઘોડે સવાર બગીઓ ઉપર બાળકો સવાર બેન્ડવાદકો સાથે સમાજના અગ્રણીઓ તેમજ ક્રિકેટની ટીમ પણ સામેલ કરાઈ હતી. જેમાં બેન્ડ વાદકો દ્વારા દેશભક્તિની મધુર સુરાવળીઓ વચ્ચે વાતાવરણ ભક્તિમય માહોલમાં ગુંજી ઉઠ્યું હતું. ત્યારે મિલાદના જુલુસને નિહાળવા માટે દાઉદી વોહરા સમાજની મહિલાઓ તેમજ બાળકો પણ મોટી સંખ્યામાં દાહોદના સ્ટેશન રોડ, બિરસા મુંડા ચોક, યાદગાર ચોક, નગરપાલિકા ચોક અને એમજી રોડ ખાતે તેમજ નજમી મસ્જિદ ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મિલાદના જુલુસ દરમ્યાન દાહોદ પોલીસે પણ મોટી સંખ્યામાં પોલીસનો કાફલો તૈનાત કરી દીધો હતો. જેમાં દાહોદના એસપી જગદીશ બાંગરવા દાહોદ એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ કે.એન.લાઠીયા તેમજ બી ડિવિઝન પોલીસના પી.આઈ.નો કાફલો પણ જુલુસની સાથે ખડકી દેવામાં આવ્યો હતો અને દાહોદના એસપી જગદીશ બાંગરવા તેમજ દાહોદ ટાઉન એ ડિવિઝન અને બી ડિવિઝન પોલીસ મથકના પી.આઈ.ઓનું સન્માન પણ દાઉદી વોહરા સમાજ દ્વારા નજમી મસ્જિદ ખાતે રાખવામાં આવ્યું હતું અને તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમજ આજરોજ દાહોદના દાઉદી વોહરા સમાજે તેમના ધર્મગુરૂ સૈયદના મુફદ્દલ સેફુદ્દીનની ૭૯ મી મિલાદ સાથે સાથે દાઉદી વોહરા સમાજના લોકો મહિલાઓ પુરૂષો તેમજ બાળકોએ હર્ષો ઉલ્લાસની સાથે ઉજવી હતી.



ગરબાડા તાલુકાની નવાતરિયા વર્ગ પ્રાથમિક શાળાના આચાર્યના જન્મદિવસ નિમિત્તે તારીખ ૧૬ ના રોજ ધોરણ ૧ થી ૫ ના બાળકોને શાળાના આચાર્યએ તિથિ ભોજન કરાવીને અનોખી રીતે પોતાનો જન્મદિવસની ઉજવણી કરી હતી.

# ઝાલોદના ખરોડ ગામની સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના સુથારવાસા ગામેથી એક ૧૩ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચે એક યુવક અપહરણ કરી લઈ નાસી ગયાંનું જાણવા મળે છે. ગત તા.૦૬ નવેમ્બરના રોજ દાહોદ તાલુકાના ખરોડ ગામે રહેતો વિનોદભાઈ રસુલભાઈ નિનામા (ભોહા)એ ઝાલોદ તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ નજીક ટ્રેનમાંથી નીચે પટકાયેલ રતલામના યુવાનનું મોત

દાહોદ, પશ્ચિમ રેલ્વેના રતલામથી સુપરફાસ્ટ ટ્રેનમાં પાંચ બાળકો તેમજ પત્નિ સાથે મુંબઈ જતો ઈસમ દાહોદ નજીક ચાલુ ટ્રેનમાંથી પડી જતા મોતને ભેટયો હતો. રાજસ્થાનના કોટા જિલ્લાથી ૫૦ કિ.મી.દુર અનતાઈ ગામના રહેવાસી ઘનરાજ મોગા વાઘરી તેની પત્નિ તેમજ પાંચ નાના-નાના બાળકો સાથે રતલામથી સુપરફાસ્ટ ટ્રેનમાં બેસી મુંબઈ ફુગ્ગા વેચવાના ધંધા અર્થે જઈ રહ્યા હતા. ધનરાજ મુંબઈ જવા માટે ટ્રેનના દરવાજે બેસી મુસાફરી કરી રહ્યો હતો. તે મુંબઈ પહોંચે તે પહેલા જ રસ્તામાં દાહોદ નજીક તેણે ચકકર આવતા પુરઝડપે જતી ચાલુ ટ્રેનમાંથી રેલ્વે ટ્રેક પર પડી જતા ઘનરાજને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. જેના કારણે તેનો મૃત્યુ નીપજ્યું હતુ. જો કે ઘટના સ્થળે પહોંચેલી ગુજરાત પોલીસે મૃતકના મૃતદેહને પી.એમ.અર્થે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.75

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લાની 5 વિધાનસભા બેઠકો ઉપર

# 52 ઉમેદવારી ફોર્મ મંજુર થયા 17 ઉમેદવારી ફોર્મ રદ થયા

ગોધરા,

પંચમહાલ જીલ્લાની પાંચ વિધાન બેઠકો માટે બીજેપી, કોંગ્રેસ અને આપ પાર્ટી સહિત અપક્ષ ઉમેદવારો પોતાની ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. ફોર્મ ભરવાની પ્રક્રિયા પુરી થયા બાદ ઉમેદવારી ફોર્મ ચકાસણી દરમિયાન ૧૭ ઉમેદવારી ફોર્મ નામંજુર થયા જ્યારે પર ઉમેદવારી ફોર્મ મંજુર કરવામાં આવ્યા છે. હાલમાં પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભાની ઉમેદવારીમાં પર ઉમેદવારો મેદાનમાં છે. ૨૧ નવેમ્બરના રોજ ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખે કઈ વિધાનસભા બેઠક ઉપર કેટલા ઉમેદવાર મેદાનમાં રહેશે તે નક્કી થયા બાદ કયા ઉમેદવાર કયા પક્ષને નુકશાન અને ફાયદો કરાવશે તે ચિત્ર સામે આવશે.

પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર રાષ્ટ્રીય પાર્ટીઓ ભાજપ, કોંગ્રેસ સિવાય આપ પાર્ટી અને અપક્ષ ઉમેદવારો દ્વારા તમામ વિધાનસભા બેઠક ઉપર ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખે જાણે ઉમેદવારી ફોર્મ ભરવાની હોડ લાગી હોય તેમ જણાતું હતું. ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા પુરી થતાં આજરોજ વિધાનસભા બેઠકોની ચુંટણી અધિકારીની કચેરીઓમાં ઉમેદવારી ફોર્મ ચકાસણી હાથ ધરાઈ હતી. જે ઉમેદવારી ફોર્મ અધુરી અને યોગ્ય રીતે વિગતો ન ભરી હોય તેવા ફોર્મ રદ કરવા આવ્યા હતા. શહેરા વિધાનસભા બેઠક ઉપર બે ઉમેદવારી ફોર્મ રદ કરવામાં જ્યારે ૭ ઉમેદવારી ફોર્મ મંજુર રાખ્યા છે. મોરવા(હ) બેઠક ઉપર ૩ ઉમેદવારી ફોર્મ રદ કરવામાં આવ્યા. જ્યારે ૬ ઉમેદવારી ફોર્મ મંજુર કરવામાં આવ્યા છે. ગોધરા વિધાનસભા બેઠક ઉપર ભરાયેલા ઉમેદવારી ફોર્મ પૈકી ૬ ઉમેદવારી ફોર્મ રદ કરવામાં આવ્યા. જ્યારે ૧૫ ઉમેદવારી ફોર્મ મંજુર થયા છે. કાલોલ બેઠક ઉપર ઉમેદવારી ફોર્મ ભરનાર ઉમેદવારો પૈકી ૧૨ ઉમેદવારોના ઉમેદવારી ફોર્મ મંજુર કરવામાં આવ્યા. ૩ ઉમેદવારો પત્ર રદ કરાયા, હાલોલ બેઠક માટે ૧૨ ઉમેદવારી ફોર્મ મંજુર થયા છે. જ્યારે ૩ ઉમેદવારી ફોર્મ રદ કરવામાં આવ્યા. પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર થી ભરાયેલા ૧૭ ઉમેદવારી ફોર્મ નામંજુર કરવામાં આવ્યા. હાલ પર ઉમેદવારી ફોર્મ મંજુર રાખવામાં આવ્યા છે. જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર ઉમેદવારોના ફોર્મ મંજુર થયા છે. ૨૧ નવેમ્બરના રોજ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખે કઈ બેઠકો ઉપર કેટલા અપક્ષ ઉમેદવારો ફોર્મ પરત ખેંચે છે. તે સામે આવશે. હાલ તો તમામ બેઠકો ઉપર સરેસરા ૭ ઉમેદવારો મેદાનમાં છે. હાલ તમામ વિધાનસભા બેઠકો ઉપર અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા છે. તેવા ઉમેદવારોના ફોર્મ પરત ખેંચે ત્યારબાદ તમામ વિધાનસભા બેઠકો કયા પક્ષને નુકશાન કરશે તે સ્થિતી સામે આવશે.

### ગોધરા

૧. સી.કે.રાઉલજી - ભારતીય જનતા પાર્ટી
૨. રશ્મિતાબેન દુષ્યંતસિંહ ચૌહાણ - કોંગ્રેસ
૩. રાજેશભાઈ સોમાભાઈ પટેલ - આમ આદમી પાર્ટી
૪. હસન શબ્બીર કાચબા - એ.આઈ.એમ.આઈ.એમ.

**૨૧ નવેમ્બરનાર રોજ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના દિવસે કેટલા ઉમેદવારી ફોર્મ પરત ખેંચાય તે ચિત્ર સ્પષ્ટ થશે.**

### કાલોલ

૧. ફતેસિંહ વખતસિંહ ચૌહાણ - ભારતીય જનતા પાર્ટી
૨. પ્રભાતસિંહ ચૌહાણ - કોંગ્રેસ
૩. દિનેશભાઈ બારીયા - આમ આદમી પાર્ટી

### હાલોલ

૧. જયદ્રથસિંહ પરમાર - ભારતીય જનતા પાર્ટી
૨. અનિશ બારીયા - કોંગ્રેસ
૩. ભરતભાઈ બારીયા - આમ આદમી પાર્ટી

### મોરવા(હ)

૧. નિમિષાબેન સુથાર - ભારતીય જનતા પાર્ટી
૨. ખાંટ સ્નેહલતાબેન - કોંગ્રેસ
૩. ભાણાભાઈ ડામોર - આમ આદમી પાર્ટી

### શહેરા

૧. જેઠાભાઈ આહિર (ભરવાડ) – ભારતીય જનતા પાર્ટી
૨. તખતસિંહ સોલંકી – આમ આદમી પાર્ટી
૩. ખાતુભાઈ પગી – કોંગ્રેસ

## પંચમહાલ જિલ્લાના તમામ નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજીને ઓબ્ઝર્વરઓએ ચૂંટણીલક્ષી કામગીરીની સમીક્ષા કરી



ગોધરા,

પંચમહાલ જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૨ નિષ્પક્ષ,સ્વતંત્ર અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે હેતુથી, ભારતીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી અંગેની સમગ્ર કાર્યવાહી પર દેખરેખ રાખવા ઓબ્ઝર્વરઓની નિમણૂંક કરવામાં આવી છે. પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા સ્થિત કલેકટર કચેરીના સભાખંડ ખાતે, ચૂંટણી પંચ દ્વારા નિમાયેલા ઓબ્ઝર્વરઓએ પંચમહાલ જિલ્લાની ચૂંટણીલક્ષી કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજી હતી. તેઓએ જિલ્લામાં થયેલી ચૂંટણી સંબંધિત સમગ્ર કામગીરીની ઝીણવટભરી માહિતી મેળવી, તમામ નોડલ અધિકારીઓને સૂચનો પણ કર્યા હતા.

નિરીક્ષકઓએ વિધાનસભાની તમામ બેઠકના મતદારોની પ્રોફાઈલ, પોલિંગ સ્ટેશનની વિગતો, જિલ્લામાં કાર્યરત ચેક પોસ્ટ, ઈ.વી.એમ તથા વીવીપેટની થયેલી ફાળવણી, ઈવીએમ સ્ટોરેજની વ્યવસ્થા, ઈવીએમ રૂટ તથા ઈવીએમ સંબંધિત સુરક્ષા વ્યવસ્થા, મતદાન મથકો ખાતે પોલીસ સ્ટાફની ફાળવણી, ચૂંટણી સ્ટાફની તાલીમ, ચૂંટણી અંગેના વાહનોની ફાળવણી, સ્ટ્રોંગ રૂમની વ્યવસ્થા, મતદાન જાગૃતિ કાર્યક્રમો તથા કાયદો વ્યવસ્થાની સ્થિતિ વગેરે બાબતોની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. આ પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નેહા ગુપ્તાએ જિલ્લામાં થયેલી ચૂંટણીલક્ષી પૂર્વ તૈયારીઓની માહિતી પ્રેઝન્ટેશન રૂપે પ્રસ્તુત કરી હતી.

પંચમહાલ જિલ્લામાં જનરલ ઓબ્ઝર્વર ડો.કે.વાસુકી (IAS)KL-2008ની ૧૨૬–ગોધરા,૧૨૭–કાલોલ વિધાનસભા મતવિસ્તાર માટે, જનરલ ઓબ્ઝર્વર શકિતસિંહ રાઠોર (IAS)RJ-2010ની ૧૨૪–શહેરા,૧૨૫– મોરવા હડફ (ST) વિધાનસભા મતવિસ્તાર માટે, જનરલ ઓબ્ઝર્વર દેબા જ્યોતિ દત્તા (IAS)AM-2010ની ૧૨૮–હાલોલ, વિધાનસભા મતવિસ્તાર માટે, ખર્ચ ઓબ્ઝર્વર આર.સી.ચેતન (IRS) ૨૦૦૬ની ૧૨૪–શહેરા,૧૨૫– મોરવા હડફ (ST) વિધાનસભા મતવિસ્તાર માટે, ખર્ચ ઓબ્ઝર્વર અનુજ ગર્ગ (IRS) 2011ની ૧૨૬–ગોધરા,૧૨૭– કાલોલ ૧૨૮–હાલોલ, વિધાનસભા મતવિસ્તાર માટે, પોલીસ ઓબ્ઝર્વર રાહુલ શર્મા (IPS) 2009ની ૧૨૪–શહેરા,૧૨૫–મોરવા હડફ (ST), ૧૨૬–ગોધરા,૧૨૭– કાલોલ ૧૨૮–હાલોલ, વિધાનસભા મતવિસ્તાર માટે નિમણૂંક કરાઈ છે.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયા, પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, અધિક જિલ્લા કલેક્ટર એમ.ડી.ચુડાસમા સહિત જિલ્લામાં ચૂંટણી કામગીરી માટે નિમાયેલા તમામ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


## કોમર્સ કોલેજ ગોધરાના NSSના વિદ્યાર્થીઓને ડિઝાસ્ટર તાલીમ અપાઈ




ગોધરા

શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગોધરા દ્વારા આયોજિત લાઈફ સેવિંગ મિશન અંતર્ગત હાઈવે ઉપર અકસ્માત થાય અથવા કોઈ આકસ્મિક જવાબદારી ઊભી થાય ત્યારે કેવી રીતે લોકોનું રક્ષણ કરી શકાય કે લોકોને તાત્કાલિક સારવાર આપી શકાય તે માટેની તાલીમ શહેરા ટોલનાકા ઉપર રેડક્રોસ સોસાયટીના કમલેશભાઈ રાઠોડ ફર્સ્ટ એઈડ ટ્રેનર વગેરે દ્વારા આપવામાં આવી હતી. જેમાં સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસના વિનય પારંગી, ચક્ષ સોની, આશિષ સહિત પાંચ સ્વયંસેવક ભાઈઓ જોડાયા હતા. તેમણે કેવી રીતે પાટો બાંધવો.... કેવી રીતે પંપિંગ કરવું....કેવી રીતે ફર્સ્ટ એડ આપવી....આ બધી તાલીમ મેળવી જે આવનારા સમયમાં એનએસએસના અન્ય વિદ્યાર્થીઓને પણ શીખવાડીને સમાજ માટે એક નોંધપાત્ર કાર્ય કર્યું છે. જે બાબતે કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડો.અરૂણસિંહ સોલંકીએ તમામ વિદ્યાર્થીઓનો તથા રેડક્રોસ સોસાયટી ગોધરાનો વિશેષ આભાર વ્યક્ત કર્યો છે. કારણ આવી જીવન ઉપયોગી તાલીમ વર્તમાન સમયની જરૂરિયાત છે.

## મતદાન જાગૃતિ માટે પંચમહાલ જિલ્લાની શાળા અને કોલેજના ૫,૯૦,૫૦૦ વિદ્યાર્થીઓને સંકલ્પપત્રોનું વિતરણ કરાયું



ગોધરા,

વિધાનસભાની સામાન્ય ચૂંટણી– ૨૦૨૨ને લઈને પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારી સુજલ મયાત્રાના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જિલ્લાના મતદારો જાગૃતતાપૂર્વક મતદાન કરે તે માટે સ્વીપ પ્રવૃત્તિ અન્વયે તમામ મતદારોને પ્રોત્સાહિત કરાઈ રહ્યા છે. જે અંતર્ગત વાલીઓ પણ જાગૃત બનીને સક્રીયપણે લોકશાહીના આ પર્વમાં ભાગ લે તથા ૧૦૦ ટકા મતદાનનો સંકલ્પ લે તે માટે શાળા અને કોલેજના વિદ્યાર્થીઓને ૫ લાખ ૯૦ હજાર ૫૦૦ સંકલ્પપત્રોનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સાથે જિલ્લા ચૂંટણી અધિકારી તરફથી મતદાન જાગૃતિ માટે શુભેચ્છાપત્રો પણ એનાયત કરાયા હતા. પ્રાથમિક, માધ્યમિક અને કોલેજના વિદ્યાર્થીઓ અવસરનાં ઉમંગે અને લોકશાહીનાં રંગે મતદાન જાગૃતિ માટે કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ૨,૩૧,૫૦૦, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨,૫૦,૫૦૦, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ૧,૦૮,૫૦૦ સહિત કુલ ૫,૯૦,૫૦૦ સંકલ્પપત્રોનું વિતરણ કરીને મતદાન માટે સંકલ્પ લેવાનું આયોજન કરાયું હતું.

## પંચમહાલ જિલ્લામાં ચૂંટણી સંબંધિત કોઇ રજૂઆત હોય તો નાગરિકો ચૂંટણી નિરીક્ષકઓ સાથે ફોનથી અથવા રૂબરૂ સંપર્ક કરી શકશે

ગોધરા,

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા વિધાનસભા મતવિસ્તારની સામાન્ય ચૂંટણી–૨૦૨૨ની તા.૦૩/૧૧/૨૦૨૨ના રોજ જાહેરાત કરવામાં આવેલી છે. આ તારીખથી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલી છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ ૧૨૪–શહેરા, ૧૨૫–મોરવા હડફ (અ.જ.જા), ૧૨૬–ગોધરા, ૧૨૭–કાલોલ તથા ૧૨૮–હાલોલમાં તા.૦૫/૧૨/૨૦૨૨ના રોજ બીજા તબક્કાનું મતદાન યોજાનાર છે.ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૨ પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતવિસ્તારોમાં ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ રાખવા હેતુ ભારતના ચૂંટણી પંચ,નવી દિલ્હી દ્વારા ચૂંટણી નિરીક્ષક (Observer)ની નિમણૂંક કરવામાં આવી છે.

– ૧૨૬–ગોધરા અને૧૨૭– કાલોલ વિધાનસભા મતવિભાગ માટે જનરલ ઓબ્ઝર્વર ડો.કે.વાસુકી (IAS)ને ગોધરા વિશ્રામગૃહના પ્રથમ માળે, ચાંપાનેર કક્ષમાં બપોરના ૩.૩૦થી ૪.૩૦ દરમિયાન નાગરિકો રૂબરૂ મળીને ચૂંટણી સબંધી રજૂઆતો કરી શકશે તેમજ તેમના મોબાઇલ નંબર ૭૦૬૯૦–૩૨૯૮૩ પર ફોનથી સંપર્ક કરી શકશે.

– ૧૨૪–શહેરા,૧૨૫–મોરવા હડફ (ST) વિધાનસભા મતવિસ્તાર માટે,જનરલ ઓબ્ઝર્વર શકિતસિંહ રાઠોર (IAS)ને ગોધરા વિશ્રામગૃહના પાવાગઢ કક્ષના, પ્રથમ માળે સવારે ૧૦.૦૦થી ૧૧.૦૦ કલાક સુધી નાગરિકો રૂબરૂ મળીને ચૂંટણી સબંધી રજુઆતો કરી શકશે તેમજ તેમના મોબાઇલ નંબર ૭૦૬૯૦–૩૨૯૫૦ પર ફોનથી સંપર્ક કરી શકશે.

– ૧૨૮–હાલોલ, વિધાનસભા મતવિસ્તાર માટે જનરલ ઓબ્ઝર્વર દેબા જ્યોતિ દત્તા (IAS)ને ગોધરા વિશ્રામગૃહના ચાંપાનેર કક્ષના, પ્રથમ માળે સાંજે ૫.૦૦થી ૬.૦૦ કલાક સુધી નાગરિકો રૂબરૂ મળીને ચૂંટણી સબંધી રજૂઆતો કરી શકશે તેમજ તેમના મોબાઇલ નંબર ૭૦૬૯૦–૩૨૯૫૧ પર ફોનથી સંપર્ક કરી શકશે.

– ૧૨૪–શહેરા,૧૨૫–મોરવા હડફ (ST) વિધાનસભા મતવિસ્તાર માટે ખર્ચ ઓબ્ઝર્વર આર.સી.ચેતન (IRS)ને ગોધરા વિશ્રામગૃહના કડાણા કક્ષના, પ્રથમ માળે સાંજે ૫.૩૦થી ૬.૩૦ કલાક સુધી નાગરિકો રૂબરૂ મળીને ચૂંટણી સબંધી રજૂઆતો કરી શકશે તેમજ તેમના મોબાઇલ નંબર ૭૦૬૯૦–૩૨૯૮૧ પર ફોનથી સંપર્ક કરી શકશે.

– ૧૨૬–ગોધરા,૧૨૭–કાલોલ,૧૨૮–હાલોલ, વિધાનસભા મતવિસ્તાર માટે ખર્ચ ઓબ્ઝર્વર અનુજ ગર્ગ (IRS)ને ગોધરા વિશ્રામગૃહના પાનમ કક્ષના, પ્રથમ માળે સાંજે ૫.૩૦થી ૬.૩૦ કલાક સુધી નાગરિકો રૂબરૂ મળીને ચૂંટણી સબંધી રજૂઆતો કરી શકશે તેમજ તેમના મોબાઇલ નંબર ૭૦૬૯૦–૩૨૯૮૨ પર ફોનથી સંપર્ક કરી શકશે.

– ૧૨૪–શહેરા,૧૨૫–મોરવા હડફ (ST), ૧૨૬–ગોધરા,૧૨૭– કાલોલ,૧૨૮–હાલોલ વિધાનસભા મતવિસ્તાર માટે પોલીસ ઓબ્ઝર્વર રાહુલ શર્મા (IPS)ને ગોધરા વિશ્રામગૃહના મહી કક્ષના, ગ્રાઉન્ડ ફ્લોર રૂમ નં.૬ ખાતે સવારે ૧૦થી ૧૧ કલાક સુધી નાગરિકો રૂબરૂ મળીને ચૂંટણી સબંધી રજૂઆતો કરી શકશે તેમજ તેમના મોબાઇલ નંબર ૯૦૨૩૨–૫૭૮૫૭ પર ફોનથી સંપર્ક કરી શકશે.

પંચમહાલ જિલ્લાની જાહેર જનતા ચૂંટણી સંબંધિત કોઇ રજૂઆત હોય તો સંબંધિત વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી નિરીક્ષકઓ (Observer) ને ઉપર જણાવેલા મોબાઈલ નંબર અથવા રૂબરૂ સંપર્ક કરી શકશે. એમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી પંચમહાલ- ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## હાલોલ તાલુકાની સીમમાં ભંગાર અને લાકડાના ગોડાઉનમાં આગની ઘટનામાં ગોડાઉન માલિક દ્વારા ફરિયાદ નોંધાવાઈ

હાલોલ,

હાલોલ તાલુકાના ગામની સીમમાં આવેલા લોખંડ–ભંગાર અને લાકડાના ગોડાઉન નજીક ઝાડી ઝાંખરામાંથી આનંદપુરાની ગુમ થયેલી બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો જેથી આ ગુનામાં ગોડાઉનમાં કામ કરતા શ્રમજીવીની સંડોવણી હોવાની શંકા રાખી ગોડાઉનમાં કામ કરતા શ્રમજીવીઓને માર મારી ગોડાઉન અને શ્રમજીવીઓના ઝુંપડાઓને આગ ચાંપી હોવાના બનાવમાં ગોડાઉન માલિકે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

હાલોલ તાલુકાના ગામના પરિવારની પાંચ વર્ષની બાળકીનો ગામની સીમમાં આવેલ લાકડાના ગોડાઉન પાસેથી મૃતદેહ મળ્યો હતો. જેમાં બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરાઈ હોવાનુ જણાતા રોષે ભરાયેલા લોકોએ ગોડાઉનમાં આગ ચાંપી હતી. તેમજ ગોડાઉનના શ્રમજીવીને માર માર્યો હતો. જે બનાવમાં ગોડાઉનના માલિકે પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યુ હતુ કે, ગામમાં રહેતો રોહિત અને અક્ષય નામના યુવાનોએ ગોડાઉનમાં રહેતા રામાનંદને માર મારી તેના ઝુંપડાને આગ લગાડી દેતા ગોડાઉનમાં ભયંકર આગ પ્રસરી હતી. અને ગોડાઉનમાં રહેલ માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. જ્યારે એક વાચહનને પણ ભારે નુકસાન પહોંચાડ્યુ હતુ. જેમાં ગોડાઉન માલિકને એક કરોડ જેટલુ નુકસાન થયુ હોવાનો પોલીસ ફરિયાદ ઉલ્લેખ કરાયો છે. રૂરલ પોલીસ મથકે ગોડાઉનના માલિક હસમુખ દિલીપ જાધવની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ગોધરાના અસારડી ગામે કેનાલ ઉપર બાઈક ઉપર કલ્યાણાના યુવક કેનાલમાં પડી નહિ મળી આવતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના અસારડી ગામે નર્મદા કેનાલ ઉપર થી બાઈક લઈ પસાર થતાં યુવક હાલોલ તરફ થી ગામ તરફ આવતો હતો. દરમિયાન બાઈક આગળ કુતરૂ આવી જતાં ડીવાઈડર સાથે બાઈક અથડાતા ચાલક યુવક કેનાલના પાણીમાં પડી જઈ મળી નહિ આવતાં ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના કલ્યાણા ગામે રહેતા યુવરાજસિંહ મોહબ્બતસિંહ રાઠોડ ઉ.વ.૨૫ તથા કિશોર નટવરસિંહ ચૌહાણ ઉ.વ.૩૦ પોતાની બાઈક નંબર જીજે.૧૭.બીકયુ.૯૯૨૬ લઈને હાલોલ તરફથી ગામ તરફ આવી રહ્યા હતા. ત્યારે અસારડી ગામે નર્મદા કેનાલ બાજુ રોડ ઉપર બાઈક આગળ કુતરુ આવી જતાં બાઈક ઉપરના યુવરાજસિંહ નર્મદા કેનાલના પાણીમાં પડતા શોધખોળ કરતાં મળી આવ્યા ન હોય આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## ઘોઘંબાના ગજાપુરા ગામે મકાનમાં આગ લાગતાં સરસામાન બળીને ખાખ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ગજાપુરા રાઠવા ફળીયા ખાતે ઘરમાં અચાનક આગ લાગતાં ઘરમાં રાખેલ વાસણો, કપડાં અને ગોદડા મળી ૬ હજારનું નુકશાન થયું છે. પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ગજાપુર રાઠવા ફળીયામાં રહેતા દીનાભાઈ જોગરાભાઈ રાઠવાના ઘરમાં કોઢીયામાં આગ લાગતાં બળદ અને બકરાઓને બચાવી લેવામાં આવ્યા. જ્યારે ઘરમાં રાખેલ કપડા, ગોદડા તથા વાસણો સળગી જતાં ૨૦,૦૦૦/–રૂપીયાનું નુકશાન થતાં રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## ગોધરા નગર પાલિકા કચેરી ખાતેથી બાઈકની ચોરી થતાં પોલીસમાં લેખિત ફરિયાદ

ગોધરા,

ગોધરા નગર પાલિકા કચેરી નીચે પાર્ક કરેલ પાલિકા કર્મચારીની મોટર સાયકલની ચોર થઈ જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે લેખિત રજુઆત કરાઈ. વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા નગર પાલિકા કચેરીમાં નોકરી કરતાં કર્મચારી પટેલ અશ્વિનસિંહ વીરસિંહ એ પોતાની હિરો સ્પ્લેન્ડર બાઈક નં.જીજે.૧૭.એએન.૨૦૫૩ પાલિકા કચેરી નીચે પાર્ક કરેલ હતી. ત્યાંથી બાઈકની ચોરી થયેલ હોય આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે અરજદારે લેખિતમાં રજુઆત કરી.